

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 310
Dt.: 15-09-2025,
Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com

### વડાપ્રધાનનો આસામથી કોંગ્રેસ પર કટાક્ષ

# કોઈ મને ગમે તેટલા અપશબ્દો કહે, હું શિવ ભક્ત, ઝેર પી જાઉં છું : વડાપ્રધાન મોદી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસામના દરાંગ જિલ્લામાં મંગલદોઈ ખાતે રૂ.૬૩૦૦ કરોડના હેલ્થકેર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)દરાંગ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૧૪ સપ્ટેમ્બરના રોજ આસામના દરાંગ જિલ્લામાં મંગલદોઈ ખાતે રૂ. ૬૩૦૦ કરોડના હેલ્થકેર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો છે.

તેમણે દરાંગ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને જીએનએમ સ્કૂલના બાંધકામનો શુભારંભ કરાવ્યો છે. આ હેલ્થકેર પ્રોજેક્ટ પાછળ રૂ. ૫૭૦ કરોડનું રોકાણ કરવામાં આવશે.

આ ઉદ્ઘાટન દરમિયાન વડાપ્રધાન મોદીએ આસામની પ્રજાને સંબોધતાં પોતાને ભગવાન શિવના ભક્ત તરીકે દર્શાવ્યા છે.

તેમણે કહ્યું કે, કોઈ મને ગમે તેટલી ગાળો આપે, હું બધુ ઝેર પચાવી જઉ છું. તેમણે કોંગ્રેસ પાર્ટી પર કટાક્ષ કરતાં કહ્યું કે, મારુ રિમોટ કંટ્રોલ દેશની ૧૪૦ કરોડ જનતા છે. તે મારી માલિક છે. હું શિવ ભક્ત છું. ગમે તેવુ ઝેર પચાવી જઉ છું.

પીએમ મોદીએ કહ્યું કે, મારા માટે તો મારી પ્રજા જ મારો ભગવાન છે. મારા ભગવાન પાસે મારા આત્માનો અવાજ નહીં નીકળે તો બીજે ક્યાં નીકળશે. તેઓ મારા માલિક છે. મારા માટે પૂજનીય છે. મારો રિમોટ કંટ્રોલ છે. થોડા દિવસ પહેલાં બિહારના દરભંગામાં I.N.D.I.A ગઠબંધનની વોટર અધિકાર યાત્રા દરમિયાન વિપક્ષના અમુક કાર્યકરોએ પીએમ મોદી અને તેમની માતાને અપશબ્દો કર્યા હતા. જેનો વીડિયો વાઈરલ થયો હતો. આ વીડિયો પર આકરી પ્રતિક્રિયા આપતાં વડાપ્રધાને આસામથી કોંગ્રેસ પર કટાક્ષ કર્યો હતો.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દરાંગ અને ગોલાઘાટ જિલ્લામાં રૂ. ૧૮૫૩૦ કરોડની પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું છે. તેમણે બે જનસભાને સંબોધી હતી. જેમાં કહ્યું હતું કે, આસામ ૧૩ ટકાના દરે ઝડપથી વિકસી રહ્યું છે. આસામના લોકોના આકરા પરિશ્રમ અને ભાજપની ડબલ એન્જિન સરકારના યોગદાનનું આ પરિણામ છે. આજે વિશ્વમાં ભારત સૌથી ઝડપથી વિકસતો દેશ બન્યો છે અને તેમાં આસામ સૌથી ઝડપથી વિકસતુ રાજ્ય.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામની મુલાકાતે છે. તેમણે દારંગમાં એક જાહેર સભાને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે તાજેતરમાં પૂર્ણ થયેલા ઓપરેશન સિંદૂર વિશે વાત કરતા કહ્યું કે, ઓપરેશન સિંદૂર મા કામાખ્યાના આશીર્વાદથી જબરદસ્ત સફળતા મળી છે. તેમણે કોંગ્રેસ પાર્ટી પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, "હું ભગવાન શિવનો ભક્ત છું, હું બધુ ઝેર પીય જાઉં છું."

પીએમ મોદીએ કહ્યું કે, કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જિન સરકાર આસામ અને ઉત્તર પૂર્વના વિકાસ માટે સંપૂર્ણ પ્રામાણિકતા સાથે કામ કરી રહી છે. ભૂપેન હજારિકાને યાદ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, થોડા દિવસો પહેલા તેમના જન્મદિવસ પર આયોજિત કાર્યક્રમમાં હાજરી આપવી તેમના માટે સૌભાગ્યની વાત છે.

પીએમ મોદીએ કહ્યું કે, સરકાર આસામના મહાન સંતાનો અને પૂર્વજોએ જોયેલા સ્વપ્નને સાકાર કરવા માટે સતત પ્રયાસો કરી રહી છે. પીએમએ કોંગ્રેસ પાર્ટી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે યાદ અપાવ્યું કે, જે દિવસે ભારત સરકારે ભૂપેન હજારિકાને ભારત રત્ન આપ્યો હતો, તે જ દિવસે કોંગ્રેસ અધ્યક્ષે તેમનું અપમાન કરીને કહ્યું હતું કે, મોદી "નાચવા-ગાવા વાળા" ને ભારત રત્ન આપી રહ્યા છે.

પીએમે કહ્યું કે, આ નિવેદન આસામ અને તેના લોકોના યોગદાનનું પણ અપમાન છે. ૧૯૬૨ માં ચીન સાથેના યુદ્ધનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, તે સમયે પંડિત નેહરુ દ્વારા આપવામાં આવેલા નિવેદન પછી, ઉત્તર પૂર્વનો ઘા આજ સુધી રૂઝાયો નથી. તેમણે આરોપ લગાવ્યો કે, કોંગ્રેસની વર્તમાન પેઢી પણ એ જ ઘા પર મીઠું છાંટવાનું કામ કરી રહી છે.

### ભારત સરકારની અનોખી પહેલ!

# દૂબઈમાં શરૂ થયું આઈઆઈએમ અમદાવાદનું પહેલું વિદેશી કેમ્પસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દુબઈમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) અમદાવાદના નવા આંતરરાષ્ટ્રીય કેમ્પસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. દુબઈના ક્રાઉન પ્રિન્સ શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તોમે દુબઈ ઈન્ટરનેશનલ એકેડેમિક સિટી (DIAC) ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ (IIM-A)ના પ્રથમ વિદેશી કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું. બીજી પહેલમાં, ભારતના કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને IIT દિલ્હી અબુ ધાબી ખાતે અટલ ઈન્ક્યુબેશન સેન્ટર (AIC)નું ઉદ્ઘાટન કર્યું, જે ભારતીય સંસ્થા દ્વારા આયોજિત પ્રથમ વિદેશી AIC છે. આ ઐતિહાસિક પ્રસંગે દુબઈના ક્રાઉન પ્રિન્સ શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તોમે હાજરી આપી હતી. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, આ ભારત અને UAE વચ્ચે શિક્ષણ સહયોગનો એક મહત્વપૂર્ણ પ્રકરણ છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને UAEના રાષ્ટ્રપતિ વચ્ચેના અગાઉના કરારનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેના પછી IIT અબુ ધાબીની સ્થાપના કરવામાં આવી હતી. IIM અમદાવાદના દુબઈ કેમ્પસને ભારતની શિક્ષણ પ્રણાલીના વૈશ્વિકરણ તરફ એક મોટી સિદ્ધિ માનવામાં આવી રહી છે. આ કેમ્પસ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે ઉત્તમ તકો પૂરી પાડશે. UAEના શિક્ષણ મંત્રી અબ્દુલ રહેમાન અલ અવાર પણ ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહ્યા હતા.

કેમ્પસ વિશે : IIM-A દુબઈ સપ્ટેમ્બરના અંત સુધીમાં કાર્યરત વ્યાવસાયિકો અને ઉદ્યોગસાહસિકો માટે પૂર્ણ-સમયના એક વર્ષના MBA સાથે તેની શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરશે. ભારતના કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ મણિપાલ યુનિવર્સિટી, સિમ્બાયોસિસ યુનિવર્સિટી, BITS પિલાની અને એમિટી યુનિવર્સિટી જેવી ભારતીય સંસ્થાઓના અધિકારીઓ સાથે ગોળમેજી ચર્ચા પણ કરી હતી, જેમણે દુબઈમાં પોતાના કેમ્પસ સ્થાપ્યા છે અને સંશોધનને પેપર્સથી ઉત્પાદનો તરફ ખસેડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે UAEમાં ૧૦૯ ભારતીય શાળાઓના આચાર્યો સાથે પણ વાતચીત કરી (અન્ય વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા) અને જાહેરાત કરી હતી કે વિદ્યાર્થીઓમાં નવીનતાને પ્રોત્સાહન આપવા માટે UAEની ૧૨ શાળાઓમાં અટલ ટિંકરિંગ લેબ્સ (ATLs) સ્થાપિત કરવામાં આવશે.

### નીતિન ગડકરીનું વધુ એક ચોંકાવનારું નિવેદન

# હું ઈમાનદારીથી કમાવવાનું જાણું છું, હું કોઈ દલાલ નથી

## કેન્દ્રીય મંત્રીએ ભારપૂર્વક કહ્યું કે મારી પહેલ અને પ્રયોગો વિચારો દ્વારા સંચાલિત છે અને તેનો હેતુ ખેડૂતોને લાભ આપવાનો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈથેનોલ અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ તેમના ટીકાકારો પર કટાક્ષ કર્યો. ગડકરીએ કહ્યું કે મારું મગજ દર મહિને ૨૦૦ કરોડ કમાઈ શકે તેવું છે પણ નાણાકીય લાભ માટે હું ગમે તે સ્તરે નથી જવાનો. ગડકરીએ આ ટિપ્પણી ઈથેનોલ પર ચાલી રહેલી ચર્ચાની પૃષ્ઠભૂમિમાં કરી હતી.

કેન્દ્રીય મંત્રીએ ભારપૂર્વક કહ્યું કે મારી પહેલ અને પ્રયોગો વિચારો દ્વારા સંચાલિત છે અને તેનો હેતુ ખેડૂતોને લાભ આપવાનો છે, વ્યક્તિગત નાણાકીય લાભ માટે નહીં. નાગપુરમાં એગ્રીકોસ વેલ્ફેર સોસાયટી દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધતા ગડકરીએ કહ્યું, "શું તમને લાગે છે કે હું આ બધું પૈસા માટે કરી રહ્યો છું? હું ઈમાનદારીથી કમાવવાનું જાણું છું, હું કોઈ દલાલ નથી".

ગડકરીએ કહ્યું કે રાજકારણીઓ ઘણીવાર પોતાના ફાયદા માટે વિભાજનનો ઉપયોગ કરે છે. તેમણે ચેતવણી આપી હતી કે પછાતપણું એક રાજકીય હથિયાર બની ગયું છે. ગડકરીએ કહ્યું કે મારો પણ એક પરિવાર અને ઘર છે. હું કોઈ સંત નથી, હું એક રાજકારણી છું. પરંતુ હું હંમેશા માનતો આવ્યો છું કે વિદર્ભમાં લગભગ ૧૦,૦૦૦ ખેડૂતોની આત્મહત્યા અત્યંત શરમજનક છે. ખેડૂતો સમૃદ્ધ થાય ત્યાં સુધી અમારા પ્રયાસો ચાલુ રહેશે.

નીતિન ગડકરીની આ ટિપ્પણી ૧ સપ્ટેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટે તમામ ઈંધણ સ્ટેશનો પર ઈથેનોલ-મુક્ત પેટ્રોલની ફરજિયાત ઉપલબ્ધતાની માંગ કરતી જાહેર હિતની અરજી (PIL) ને ફગાવી દીધા બાદ આવી હતી.

### ઘણા લોકો ગાયને પ્રાણી નથી માનતા : મોદી

# મોદીએ દિલ્હીમાં જ્ઞાન ભારતમ નામનું એક નવું ડિજિટલ પોર્ટલ લોન્ચ કર્યું

**રખડતા કૂતરાઓના સ્થાનાંતરણ પર ચાલી રહેલી ચર્ચા પર મોદીએ રમુજી ટિપ્પણી કરી અને પ્રાણી પ્રેમીઓના બેવડા ધોરણો પર કટાક્ષ કર્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં જ્ઞાન ભારતમ નામનું એક નવું ડિજિટલ પોર્ટલ લોન્ચ કર્યું છે. શુક્રવારે સાંજે દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પોર્ટલ ખાસ કરીને ભારતની હસ્તપ્રતોને ડિજિટલ સ્વરૂપમાં સુરક્ષિત રાખવા અને સાચવવા માટે બનાવવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ પ્રાણી પ્રેમીઓ સાથેની તેમની મુલાકાતની એક રમુજી વાર્તા સંભળાવી અને પ્રાણી પ્રેમીઓના વિચાર પર પણ પ્રશ્નો ઉઠાવ્યા.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે તેઓ તાજેતરમાં એક પ્રાણી પ્રેમીને મળ્યા હતા. પ્રધાનમંત્રીની આ વાત સાંભળીને ત્યાં હાજર લોકો હસવા લાગ્યા. પછી પ્રધાનમંત્રીએ કહ્યું, તમે લોકો કેમ હસો છો? આપણા દેશમાં ઘણા લોકો એવા છે જે ગાયને પ્રાણી નથી માનતા. પ્રધાનમંત્રીની આ વાત સાંભળીને લોકો વધુ હસવા લાગ્યા.

વડા પ્રધાનની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે તાજેતરમાં દિલ્હીમાં રખડતા કૂતરાઓનો મુદ્દો ચર્ચામાં હતો. સુપ્રીમ કોર્ટે શરૂઆતમાં રાજધાનીની શેરીઓમાંથી રખડતા કૂતરાઓને દૂર કરવાનો આદેશ આપ્યો હતો. જોકે, બાદમાં કોર્ટે કહ્યું કે હડકવા અથવા આક્રમક વર્તન ધરાવતા કૂતરાઓ સિવાય, બાકીના બધા કૂતરાઓને નસબંધી અને રસીકરણ પછી છોડી દેવા જોઈએ. તમને જણાવી દઈએ કે મોદી સરકાર ગાયોના કલ્યાણ માટે સમયાંતરે પગલાં લેતી રહે છે, જેમ કે રાષ્ટ્રીય કામધેનુ કમિશનની રચના.

જ્ઞાન ભારતમ પોર્ટલ દ્વારા ભારતના સાંસ્કૃતિક વારસાને બચાવવા અને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. દેશના વિવિધ ભાગોમાંથી એક કરોડથી વધુ હસ્તપ્રતો શોધીને એકત્રિત કરવામાં આવશે અને પછી તેનું ડિજિટાઈઝેશન કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા, યુવા પેઢી તેમની સંસ્કૃતિને વધુ સારી રીતે સમજી શકશે અને તેની સાથે જોડાવાની તક મળશે.

### પોલીસને દોડાવી દોડાવીને મારી

# નેપાળ, ફ્રાન્સ અને હવે લંડન, લાખો લોકો રસ્તા પર ઉતર્યા

## ટોમી રોબિન્સનના નેતૃત્વમાં એક લાખથી પણ વધુ પ્રદર્શનકારીઓએ એન્ટી-ઈમિગ્રેશન સામે માર્ચ કાઢી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન

નેપાળ અને ફ્રાન્સ બાદ હવે વિરોધની આગ લંડન સુધી પહોંચી ગઈ છે. લંડનના સેન્ટ્રલ વિસ્તારમાં બ્રિટનના હાલના ઈતિહાસમાં સૌથી મોટું દક્ષિણપંથી પ્રદર્શન જોવા મળ્યું. આ પ્રદર્શનમાં એક લાખથી પણ વધુ પ્રદર્શનકારીઓએ જોડાયા હતા. લંડનમાં આ વિરોધ પ્રદર્શન યુનાઈટ ધ કિંગડમ માર્ચના નામે આયોજિત કરવામાં આવ્યું હતું. આ રેલીમાં લગભગ ૧૦ લાખ લોકો ભાગ લે તેવી અપેક્ષા હતી અને તે પ્રોટેસ્ટ માટે તૈયારીઓ પણ એવી જ કરવામાં આવી હતી. આ વિરોધ પ્રદર્શનનું આયોજન જાણીતા દક્ષિણપંથી નેતા ટોમી રોબિન્સનના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં આવેલા લોકોના હાથમાં ધ્વજ અને પ્લેકાર્ડ હતા. સેન્ટ્રલ લંડનની રસ્તાઓ આ પ્રદર્શનકારીઓથી છવાયેલા હતા. ટોમી રોબિન્સનના નેતૃત્વમાં એક લાખથી પણ વધુ પ્રદર્શનકારીઓએ એન્ટી-ઈમિગ્રેશન સામે માર્ચ કાઢી હતી. આ દરમિયાન ત્યાં તૈનાત કેટલાક પોલીસકર્મીઓએ જ્યારે આ આંદોલનને રોકવાનો પ્રયાસ કર્યો, ત્યારે પ્રદર્શનકારીઓ સાથે તેમની અથડામણ થઈ. આ દરમિયાન પ્રદર્શનકારીઓ દ્વારા ઘણા પોલીસ અધિકારીઓ પર હુમલો કરવામાં આવ્યો, જેમાં ઘણા પોલીસ અધિકારીઓ ઘાયલ થયા. આના જવાબમાં પોલીસે પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે વધારાના દળો તૈનાત કર્યા, જેમાં સુરક્ષા દળો તેમજ ઘોડેસવારોનો પણ સમાવેશ થતો હતો. આમાંથી ઘણા પ્રદર્શનકારીઓએ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે જોડાયેલી મેક અમેરિકા ગ્રેટ અગેઈન ટોપીઓ પણ પહેરી હતી. પ્રદર્શનકારીઓ વડાપ્રધાન કીર સ્ટાર્મરની ટીકા કરી રહ્યા હતા અને તેમના વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા.

બ્રિટનમાં હાલમાં ઈમિગ્રેશનના મુદ્દા પર સૌથી વધુ ચર્ચા થઈ રહી છે. કમજોર પડી રહેલી અર્થવ્યવસ્થા છતાં સામાન્ય લોકો માટે ચિંતાનું કેન્દ્ર આ વિષય છે. આંકડા મુજબ આ વર્ષે અત્યાર સુધીમાં ૨૮ હજારથી વધુ લોકો નાની હોડીઓની મદદથી ઈંગ્લિશ ચેનલ પાર કરીને બ્રિટન પહોંચ્યા છે. રસ્તાઓ પર લાલ-સફેદ અંગ્રેજી ધ્વજની સંખ્યા વધી રહી છે. સમર્થકો તેને દેશભક્તિનું પ્રતીક માને છે, જ્યારે વિરોધીઓનું કહેવું છે કે, આ વાતાવરણ વિદેશી ઈમિગ્રન્ટ્સ સામે નફરતને પ્રોત્સાહન આપે છે. કેટલાક પ્રદર્શનકારીઓએ અમેરિકન અને ઈઝરાયલી ધ્વજ પણ લહેરાવ્યા હતા.

ટોમી રોબિન્સનનું સાચું નામ સ્ટીફન યાક્સલી-લેનન છે. બ્રિટનના રાષ્ટ્રવાદી અને ઈસ્લામ વિરોધી સંગઠન ઈંગ્લિશ ડિફેન્સ લીગના સ્થાપક અને દેશના સૌથી પ્રભાવશાળી દક્ષિણપંથી નેતાઓમાં રોબિન્સનની ગણતરી થાય છે. હાલમાં જ થયેલી માર્ચને અભિવ્યક્તિની સ્વતંત્રતાના સમર્થનમાં પ્રદર્શન તરીકે રજૂ કરવામાં આવી હતી. આ આયોજનમાં સમગ્ર યુરોપના પ્રભાવશાળી નેતાઓ અને ઘણા રાજનેતાઓના નિવેદનો મુખ્યત્વે ઈમિગ્રન્ટ્સના જોખમો પર કેન્દ્રિત રહ્યા.

ઈમિગ્રન્ટ્સનો આ મુદ્દો હાલમાં મહાદ્વિપના મોટા ભાગ માટે એક ગંભીર પડકાર છે, જેનો સામનો કરવા માટે ઘણા દેશો સંઘર્ષ કરી રહ્યા છે.

## માતા વૈષ્ણોદેવી યાત્રા આગામી આદેશો સુધી મુલતવી રખાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

જો તમે પણ માતા વૈષ્ણો દેવીની યાત્રાનું આયોજન કરી રહ્યા છો, તો તેને હાલ પૂરતું મુલતવી રાખો. વાસ્તવમાં, માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડે રવિવાર (૧૪ સપ્ટેમ્બર) થી શરૂ થતી યાત્રા હાલ પૂરતી મુલતવી રાખી છે. યાત્રાના રૂટ પર સતત વરસાદને કારણે શ્રાઈન બોર્ડે આ નિર્ણય લીધો છે. શ્રાઈન બોર્ડે કહ્યું કે માતા વૈષ્ણો દેવી યાત્રા આગામી આદેશો સુધી મુલતવી રાખવામાં આવી છે. ભક્તોને સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા અપડેટ રહેવા વિનંતી છે. અગાઉ શુક્રવારે (૧૨ સપ્ટેમ્બર) શ્રાઈન બોર્ડે કહ્યું હતું કે ખરાબ હવામાન અને ટ્રેકની જરૂરી જાળવણીને કારણે કામચલાઉ સ્થગિત કર્યા પછી, અનુકૂળ હવામાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને શ્રી માતા વૈષ્ણો દેવીની યાત્રા ફરી શરૂ થશે. નોંધનીય છે કે ૨૬ ઓગસ્ટના રોજ જમ્મુ વિભાગમાં અત્યંત ખરાબ હવામાન દરમિયાન માતા વૈષ્ણો દેવી મંદિર માર્ગ પર ભૂસ્ખલનને કારણે ૩૫ થી વધુ યાત્રાળુઓએ જીવ ગુમાવ્યા હતા અને ૧૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ કારણે, શ્રી માતા વૈષ્ણો દેવી યાત્રા મુલતવી રાખવામાં આવી હતી.



# તંત્રી લેખ......

## માંઝીએ બિહાર ચૂંટણી વચ્ચે એનડીએનું ટેન્શન વધાર્યું

રવિવારે બોધગયા ખાતે પોતાના નિવાસસ્થાન પર પત્રકારો સાથે વાત કરતા કેન્દ્રીય મંત્રી અને હિન્દુસ્તાની આવામ મોરચા (સેક્યુલર) ના પ્રમુખ જીતન રામ માંઝીએ આગામી બિહારની વિધાનસભા ચૂંટણીઓ અંગે મોટું નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે આ વખતે અમારી પાર્ટીનું લક્ષ્ય કોઈપણ કિંમતે માન્યતા પ્રાપ્ત પાર્ટી બનવાનું છે. એના માટે, પાર્ટી ઓછામાં ઓછી આઠ બેઠકો જીતે અને કુલ મતોના છ ટકા મેળવે તે જરૂરી છે. માંઝીએ કહ્યું કે વ્યવહારીક રીતે આ ત્યારે જ શક્ય છે જો અમને NDA ગઠબંધનમાં ૧૫ બેઠકો આપવામાં આવે, કારણ કે બધી બેઠકો જીતવી શક્ય નથી.

જીતન રામ માંઝીએ સ્પષ્ટ ચેતવણી પણ આપી હતી કે જો અમારી પાર્ટીને સન્માનજનક બેઠકો નહીં આપવામાં આવે, તો હિન્દુસ્તાની આવામ મોરચા એકલા ચૂંટણી લડશે અને સો બેઠકો પર ઉમેદવારો ઉભા રાખશે. તેમણે દાવો કર્યો હતો કે દરેક વિધાનસભા મતવિસ્તારમાં તેમની પાસે ૧૦-૧૫ હજાર મતદારો છે અને આ આધારે તેઓ ચૂંટણીમાં એકલા ૬% મત મેળવી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે પાર્ટીની રચના થયાને દસ વર્ષ થઈ ગયા છે અને અત્યાર સુધી માન્યતા પ્રાપ્ત પાર્ટી રહેવું તેમના માટે અપમાનજનક છે. તેથી, આ વખતની ચૂંટણી તેમના માટે "કરો યા મરો" જેવી સ્થિતિ છે.

NDAમાં પોતાની તાકાતનો દાવો કરતા માંઝીએ કહ્યું કે અમારો પક્ષ પૈસા ખર્ચ્યા વિના ભીડ ભેગી કરે છે, જ્યારે અન્ય પક્ષો પૈસાની મદદથી ભીડ બોલાવે છે. તેમણે કહ્યું કે NDAના નેતાઓ પણ આ વાત જાણે છે અને સીટ શેરિંગમાં એ જોવામાં આવશે કે ખરેખર કયો પક્ષ જીતી રહ્યો છે. માંઝીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે અમારી પાર્ટીને પૂરતી બેઠકો મળશે અને ૨૦૨૫માં પાર્ટીને માન્યતા મળી જશે.

---

નમો લક્ષ્મી યોજના હેઠળ ધો-૯થી ૧૨માં અભ્યાસ માટે વિદ્યાર્થિનીઓને કુલ રૂા.૫૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે

## સુશાસનના ૪ વર્ષઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં નમો લક્ષ્મી યોજના હેઠળ રૂા.૧૦૦૦ કરોડથી વધુની અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત રૂા.૧૬૧ કરોડથી વધુની આર્થિક સહાયની ચૂકવણી

નમો સરસ્વતી યોજના હેઠળ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ધો-૧૧ અને ૧૨ માટે કુલ રૂા.૨૫,૦૦૦ની સહાય આપવામાં આવે છે

૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનને ૪ વર્ષ પૂર્ણ થયા છે. આ દરમ્યાન મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ થયેલી ગુજરાતની વિકાસયાત્રાને સતત આગળ ધપાવી છે.

વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત @૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશ સાથે રાજ્યના વિદ્યાર્થીઓને અમૃતકાળમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભવિષ્યલક્ષી શિક્ષણ મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં માર્ચ ૨૦૨૪માં બે નવી યોજનાઓ જાહેર કરવામાં આવી હતી- નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના.

ઉલ્લેખનીય છે કે, નમો લક્ષ્મી યોજના હેઠળ અત્યારસુધીમાં ૧૦.૪૯ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને રૂા.૧૦૦૦ કરોડથી વધુની આર્થિક સહાય અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત ૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂા.૧૬૧ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

નમો લક્ષ્મી યોજનાઃ ધો-૯થી ૧૨માં અભ્યાસ માટે ચાર વર્ષોમાં મળે છે કુલ રૂા.૫૦ હજારની સહાય

પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી આર્થિક અક્ષમતાઓને કારણે રાજ્યની દીકરીઓને શિક્ષણ છોડી ન દેવું પડે અને વધુ ને વધુ દીકરીઓ પોતાનું સંપૂર્ણ શાળાકીય શિક્ષણ પૂર્ણ કરે તેવા ઉદ્દેશથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નમો લક્ષ્મી યોજનાની શરૂઆત કરી હતી. યોજના હેઠળ, રાજ્યની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) અને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને આ સહાય મળવાપાત્ર છે. જો વિદ્યાર્થિનીઓને સરકારની અન્ય કોઈ યોજના હેઠળ સ્કોલરશિપનો લાભ મળતો હોય તો પણ આ યોજનાનો લાભ વધારાના લાભ તરીકે મળવાપાત્ર છે.

નમો લક્ષ્મી યોજના હેઠળ ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરવા માટે વિદ્યાર્થિનીઓને આ ચાર વર્ષ દરમિયાન કુલ રૂા.૫૦ હજારની આર્થિક સહાય આપવામાં આવે છે. નમો લક્ષ્મી યોજના શરૂ થયેથી અત્યારસુધીમાં રાજ્યની ૧૦.૪૯ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને રૂા.૧૦૦૦ કરોડથી વધુની આર્થિક સહાયની ચૂકવણી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યની વિવિધ શાળાઓ દ્વારા આ યોજનાના સુચારૂ સંચાલન માટે અલાયદું 'નમો લક્ષ્મી પોર્ટલ' અમલી કરવામાં આવ્યું છે.

નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાઃ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળે છે ધો-૧૧ અને ૧૨ માટે કુલ રૂા.૨૫,૦૦૦ની સહાય

રાજ્યના વિદ્યાર્થીઓને ધોરણ ૧૧-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા માટે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અમલી બનાવવામાં આવી છે. જે વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) અથવા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) ની માન્યતા પ્રાપ્ત રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવે તેવા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આર્થિક સહાય મળવાપાત્ર છે.

નમો સરસ્વતી યોજના હેઠળ ધો-૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓને બે વર્ષ દરમિયાન કુલ રૂા.૨૫,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' શરૂ થયેથી અત્યારસુધીમાં રાજ્યના ૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂા.૧૬૧ કરોડથી વધુની સહાયની ચૂકવણી કરવામાં આવી છે. ગુજરાતની શાળાઓ દ્વારા આ યોજનાના સુચારૂ સંચાલન માટે 'નમો સરસ્વતી પોર્ટલ' અમલી કરવામાં આવ્યું છે.

ગુજરાત સેમિકંડક્ટર, હરિત ઊર્જા અને ડિજિટલ સાયન્સ જેવા ક્ષેત્રોનું હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે, ત્યારે આ ક્ષેત્રો માટે ભવિષ્યમાં કુશળ તકનીકી કાર્યબળની મોટા પાયે માંગ ઊભી થશે. આ માટે જરૂરી છે, કે વધુ ને વધુ વિદ્યાર્થીઓ ધો-૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહની પસંદગી કરે. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના થકી વિજ્ઞાન અને ટેક્નોલૉજીમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને રોજગારની તકો સુનિશ્ચિત કરવામાં આવશે.

---

લોકાર્પણ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિ

## સરદાર ધામ ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના વરદ હસ્તે ફેઝ-૨ કન્યા છાત્રાલય તથા રૂ.૧૦૦ કરોડની 'દીકરી દત્તક યોજના'નું લોકાર્પણ

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના વરદ હસ્તે સરદાર ધામ ખાતે ફેઝ-૨ કન્યા છાત્રાલય તથા રૂ. ૧૦૦ કરોડની 'દીકરી દત્તક યોજના'નું આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે સરદાર ધામ ખાતે આવેલી સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કર્યા હતા. વધુમાં તેમણે સરદાર ધામના તમામ ટ્રસ્ટીઓ સાથે સીધો સંવાદ કરી રાષ્ટ્ર નિર્માણમાં સરદારધામની ભૂમિકા અંગે સવિશેષ ચર્ચા પણ કરી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે સમાજને ઉલ્લેખી જણાવ્યું હતું કે, દરેક સમાજ આ રીતે જાગૃત બને તો સરકારનું કાર્ય સરળ અને સહજ થઈ જાય. સાથે જ તેમણે ઉમેર્યું હતું કે, પટેલ સમાજ એટલે એવો સમાજ જે અભ્યાસુઓ માટે એક અભ્યાસનો વિષય છે. આ સમાજે સ્થાપેલા ધંધા, રોજગાર, ટ્રાન્સપોર્ટેશન દરેક વિષય અભ્યાસનો છે, કે તેમાં વર્ષો સુધી વર્ચસ્વ કેવી રીતે સ્થાપિત કરી શકાય. વધુમાં, પટેલ સમાજનું સમગ્ર ગુજરાતના વિકાસમાં ખૂબ જ મોટું યોગદાન રહેલું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ કન્યા છાત્રાલયની શરૂઆતને ખૂબ જ ઉમદા કાર્ય જણાવતા ઉમેર્યું હતું કે, દીકરીઓને હોસ્ટેલમાં મુકતા મા બાપ ગભરાય છે, ત્યારે પોતાના સમાજ દ્વારા જ્યારે આવી સુરક્ષિત વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો અંતરિયાળ ગામડાઓમાંથી પણ દીકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે બહાર આવી પોતાનું ભવિષ્ય સુનિશ્ચિત કરી શકશે. તેમણે ઉમેર્યું હતું કે, સરદાર ધામનું સ્લોગન ''સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ'' જો દરેક સમાજ સ્વીકાર કરે તો ખરેખર રાષ્ટ્રનું શ્રેષ્ઠ નિર્માણ થતા કોઈ અટકાવી શકે નહીં.

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે સરદાર ધામની કામગીરીને




બિરદાવતા જણાવ્યું હતું કે, આ અદભૂત સંગઠન થકી ૩ હજાર દીકરીઓ અને ૨ હજાર દીકરાઓ ભણીને સમાજ, રાજ્ય અને દેશનું નામ રોશન કરે તેવા આશયથી સમાજના અગ્રણીઓ દ્વારા કરવામાં આવેલી કલ્પના જમીન ઉપર આબેહુબ ઉતરી છે, તે ખૂબ આનંદની વાત છે.

પોતાના જીવનના વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ થકી દીકરીઓ મજબૂત બની શકે તે માટેના સમાજના પ્રયત્નની સરાહના કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તેમના ૪૦ વર્ષના જાહેર જીવનમાં ઘણી બધી શૈક્ષણિક સંસ્થાઓ, લાઈબ્રેરી, છાત્રાલયની મુલાકાત કરી છે, જેમાંથી સરદાર ધામ ખાતે કરવામાં આવેલી છાત્રાલયની વ્યવસ્થા વિદ્યાર્થીઓ માટે ખૂબ સુંદર અને સુવિધાયુક્ત છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ઉપસ્થિત ટ્રસ્ટીઓને સૂચન કરતાં જણાવ્યું હતું કે, આ સંસ્થા દ્વારા છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી અને હિન્દી ભાષા શીખવા માટેના વર્ગો ચાલુ કરવા જોઈએ. જેથી આ યુવા પેઢી માતૃભાષા શીખી, સમાજની તળપદી ભાષા સમજી શકે અને ભવિષ્યમાં સમાજસેવા સરળતાથી કરી શકે. આ ઉપરાંત મંત્રીશ્રીએ સંસ્થાની ઈ-લાઈબ્રેરી વધુ સમૃદ્ધ બને તે માટે અન્ય લાઈબ્રેરીઓ સાથે ઓનલાઈન કનેક્ટ થઈ, વધુમાં વધુ પુસ્તકો ઉપલબ્ધ થાય તેવું પણ સૂચન કર્યું હતું. જેના પરિણામે UPSC અને GPSCની ટ્રેનીંગ માટે આવતા વિદ્યાર્થીઓને વધુ સરળતા રહે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની સમગ્ર ભારતમાં ઉજવણી થવા જઈ રહી છે, તેવા લોખંડી પુરુષ અને અખંડ ભારતના નિર્માતાના વારસદાર હોવાના ગર્વ સાથે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, કોઈપણ સમાજની પ્રગતિ સ્ત્રી સશક્તિકરણ વગર સંભવ નથી. જેથી સરદારધામે ૩ હજાર દીકરીઓ માટે ભણવા, રહેવા અને જમવાની સગવડ સાથે છાત્રાલય શરૂ કરી કન્યા કેળવણીનો પાયો મજબૂત કર્યો છે. આ ઉપરાંત દીકરીઓ માટે રૂ. ૧૦૦ કરોડની 'દત્તક દીકરી યોજના'નું પણ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે લોકાર્પણ કર્યુ છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સમાજના શ્રેષ્ઠ દાતાઓ દ્વારા દીકરીઓનું ભવિષ્ય ઉજવળ બને છે, તે માટે દાતાશ્રીઓને પણ તેમણે અભિનંદન પાઠવું છું. વધુમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી તથા કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના સફળ નેતૃત્વમાં દેશની સીમા અને સુરક્ષા બંને મજબૂત બની છે. જે અંતર્ગત તા. ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીમાં નક્ષલવાદનો સંપૂર્ણ અંત લાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સાથે જ મુખ્યમંત્રીશ્રીએ ૨૦૪૭ના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પમાં સહભાગી બની, સ્વદેશી અપનાવતા આ દિવાળીએ સ્વદેશી વસ્તુઓની ખરીદી કરવા પર ભાર મૂક્યો હતો. તેમજ આવા નાના નાના વિકાસ કાર્યો થકી રાષ્ટ્રીય નિર્માણ અને વિકસિત ભારતમાં સહયોગ આપવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત સરદાર ધામના પ્રમુખ શ્રી રવજીભાઈ સુતરીયા દ્વારા મહાનુભાવોનું સરદાર ધામના ૧૦૪૧ ટ્રસ્ટીઓ વતી શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું, અને તેમના દ્વારા સરદાર ધામના ભવિષ્યના આયોજન પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

---

ધાબળા - રજાઈ અત્યારથી તપાવી દેજો!

## ધમાકેદાર ચોમાસા બાદ હાડ થીજવતી ઠંડીની આગાહી!

મોસમ વિજ્ઞાનીઓનું કહેવું છે કે, આ વખતે ભારે ઠંડી પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ક્લાઈમેટ ચેન્જને કારણે મોસમમાં સતત ફેરફાર થઈ રહ્યો છે. એવરેજ તાપમાનમાં વર્ષ દર વર્ષે વધારો થતો જોવા મળી રહ્યો છે. વરસાદનો પ્રકોપ પણ વધી રહ્યો છે. આ વર્ષે ચોમાસાની સિઝનમાં દેશના ઘણા ભાગોમાં ધમાકેદાર વરસાદ ખાબક્યો છે. હિમાચલ પ્રદેશથી લઈને અનેક રાજ્યોમાં તેની અસર જોવા મળી છે. હવે શિયાળાનો વારો છે.

મોસમના નિષ્ણાતોએ શિયાળાની આગાહી સાથે પહેલેથી જ ચેતવણી આપી છે. મોસમ વિજ્ઞાનીઓનું કહેવું છે કે, આ વખતે ભારે ઠંડી પડી શકે છે. નિષ્ણાતોના મતે તો આ વખતની શિયાળાની મોસમ સામાન્ય કરતા વધારે ઠંડી રહી શકે છે. તેની પાછળનું કારણ છે લા-નીનાની અસર. લા-નીના એક્ટિવ થવાથી તાપમાનમાં ઘટાડો થાય છે અને આ વખતે ઓક્ટોબરથી ડિસેમ્બર વચ્ચે ૭૧% સુધી એક્ટિવ રહેવાની સંભાવના છે. આ કારણે આ વખતે હાડ થીજવતી ઠંડી પડવાની આગાહી છે.

મોસમના નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે, આ વર્ષના અંત સુધી લા-નીનાની વાપસી થઈ શકે છે, જેના કારણે વૈશ્વિક મોસમના પેટર્ન બદલાશે અને ભારતની શિયાળાની મોસમ સામાન્ય કરતા વધુ ઠંડી રહી શકે છે. અમેરિકન નેશનલ વેધર સર્વિસના ક્લાઈમેટ પ્રેડિક્શન સેન્ટર (CPC)એ ૧૧ સપ્ટેમ્બરે જાહેર કરેલા પૂર્વાનુમાનમાં જણાવ્યું છે કે, ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે લા-નીના એક્ટિવ થવાની ૭૧% સંભાવના છે. જોકે, ડિસેમ્બર ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ વચ્ચે આ સંભાવના ઘટીને ૫૪% થઈ જશે, પરંતુ લા-નીના વોચ અસરકારક રહેશે.

લા-નીના શું છે, ભારત પર શું અસર?લા-નીના, એલ-નીનો—સદર્ન ઓસીલેશન (ENSO)નો ઠંડુ ચરણ છે. તેમાં પેસિફિક મહાસાગરના ભૂમધ્યરેખીય ક્ષેત્રનું સપાટી તાપમાન સામાન્ય કરતા નીચે જતું રહે છે. તેનો અસર માત્ર પેસિફિક મહાસાગર સુધી મર્યાદિત નથી હોતી પરંતુ સમગ્ર વિશ્વના મોસમ પર પડે છે. ભારત માટે આ સ્થિતિ સામાન્ય કરતા વધુ ઠંડી શિયાળાની મોસમ લાવે છે. ભારત મોસમ વિજ્ઞાન વિભાગ (IMD)ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું, 'અમારા મોડલ ઓક્ટોબર-ડિસેમ્બર વચ્ચે લા-નીના વિકસિત થવાની ૫૦%થી વધુ સંભાવના દર્શાવી રહ્યા છે.

જાન્યુઆરી મહિનાની શરૂઆતમાં ઠંડી ઓછી પડી રહી છે. ગુજરાતમાં ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં ઠંડી વધુ રહેતી હોય છે. પરંતુ ચાલુ વર્ષે ઠંડીના દિવસો ઘટી ગયા હોય તેવું લાગે છે. પરંતુ જાન્યુઆરીની શરૂઆતમાં ઉત્તર પૂર્વ-પૂર્વના પવનને કારણે તાપમાન સામાન્ય કરતાં ૧ થી ૪ ડિગ્રી ઉંચુ નોંધાય રહ્યું છે. જેના કારણે ઠંડીનું જોર ઘટી ગયું છે. પરંતુ ફરી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે. ઉત્તર ભારતમાં બરફવર્ષા જશે. પવનની દિશા બદલાશે. જેની અસર ગુજરાત પર જશે અને તાપમાન ઘટશે અને ઠંડીનું જોર વધશે.

ભારતમાં લા-નીના સામાન્ય રીતે ઠંડી શિયાળાની મોસમ સાથે જોડાયેલું હોય છે. ક્લાઈમેટ ચેન્જના તાપમાન વધારવાની અસર આ ઠંડકને થોડું સંતુલિત કરી શકે છે, પરંતુ સામાન્ય વર્ષોની તુલનામાં શિયાળાની મોસમ વધુ ઠંડી રહેવાની સંભાવના છે. કારણ કે મોનસૂન દરમિયાન સારા વરસાદે પહેલેથી જ તાપમાનને કાબુમાં રાખ્યું છે, તેથી ૨૦૨૫ અત્યાર સુધીના સૌથી ગરમ વર્ષોમાં સામેલ નહીં થાય.'

---

પાકિસ્તાન છમકલુ કરાવશે હુમલો કરીશું : લેફ. જનરલ

## ઓપરેશન સિંદૂર વખતે ભારતીય સૈન્યને આપેલી છૂટ સરકારે પાછી નથી ખેંચી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓપરેશન સિંદૂર ચાલુ જ હોવાનો ઉલ્લેખ કરતા, વેસ્ટર્ન કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ લેફ્ટનન્ટ જનરલ મનોજ કટિયારે કહ્યું કે, જો પાકિસ્તાન અથવા તેના દ્વારા સમર્થિત આતંકવાદી સંગઠનો ફરીથી ભારતના કોઈ પણ પ્રદેશમાં આતંકવાદી હુમલો કરશે, તો આ વખતે અમારો જવાબ પહેલા કરતા પણ વધુ જડબાતોડ હશે.

તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર માત્ર એક યુદ્ધ જ નહીં, પરંતુ પાકિસ્તાનના કોઈપણ દુશ્મનાવટભર્યા પ્રયાસનો સામનો કરવા માટે અમારી તૈયારી પણ હતી. અમારી તૈયારી હજુ પણ ચાલુ છે. પાકિસ્તાને એ ના ભૂલવું જોઈએ કે, ઓપરેશન સિંદૂર સમયે ભારત સરકારે ભારતીય સૈન્યને જે ફ્રિ હેન્ડ આપેલ તે હજુ પણ યથાવત જ છે.

૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં વિજયની ડાયમંડ જ્યુબિલી ઉજવણી પ્રસંગે મીડિયાને સંબોધતા લેફ્ટનન્ટ જનરલ કટિયારે કહ્યું કે ૧૦ મેના રોજ યુદ્ધવિરામ બાદ સરહદી જમીન પર પરિસ્થિતિ શાંત છે. વરિષ્ઠ લશ્કરી અધિકારીએ આશા વ્યક્ત કરી કે, ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાન હવે ફરી કંઈ કરવાની હિંમત નહીં કરે.

તેમણે કહ્યું, પરંતુ અમને આ અંગે સંપૂર્ણ ખાતરી નથી. અમને લાગે છે કે પાકિસ્તાન અથવા પાકિસ્તાન પ્રેરિત આતંકવાદી સંગઠનો ફરીથી દેશમાં આતંકવાદી હુમલો કરી શકે છે, આવી સ્થિતિમાં અમારી પાસે યોગ્ય જવાબ આપવા સિવાય કોઈ વિકલ્પ નથી. અમે સ્પષ્ટપણે કહ્યું છે કે, આ વખતે અમારો જવાબ પહેલા કરતા પણ વધુ કડક હશે. આ માટે, અમારું ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે.

લેફ્ટનન્ટ જનરલ કટિયારે કહ્યું કે, પહલગામ આતંકવાદી હુમલાનો મુખ્ય હેતુ જમ્મુ અને કાશ્મીરમાં પરિસ્થિતિ વધુ ખરાબ કરવાનો હતો. તેમણે કહ્યું કે જે રીતે પહેલગામના બૈસરનમાં લોકોનો ધર્મ પુછી પુછીને આતંકવાદીઓએ હત્યાઓ કરી, તેની પાછળનો બીજો હેતુ ભારતમાં સાંપ્રદાયિકતા ભડકાવવાનો હતો. આ આપણા માટે એક મોટો પડકાર છે. તેમણે કહ્યું કે પડોશી દેશ ભારતના ધર્મનિરપેક્ષતાને સાંપ્રદાયિકતાથી નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરતો રહેશે.

---

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

---

હૈદરાબાદમાં ૩ ભેજાબાજ પકડાયા

## સ્કૂલમાં ક્લાસરૂમને જ ડ્રગ્સની ફેક્ટરી બનાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)હૈદરાબાદ

પોલીસે હૈદરાબાદની એક ખાનગી શાળામાં ચાલી રહેલા ડ્રગ રેકેટનો પર્દાફાશ કર્યો છે અને તેના ડિરેક્ટર સહિત ત્રણ લોકોની ધરપકડ કરી છે. મેધા સ્કૂલના ડિરેક્ટર માલેલા જયા પ્રકાશ ગૌડેએ વર્ગખંડો અને પ્રતિબંધિત વિસ્તારોમાં નાર્કોટિક પદાર્થનો ઉપયોગ કરી અલ્પ્રાઝોલમ નામનું ડ્રગ બનાવવાની સુવિધા ઉભી કરી હતી. તેલંગાણા પોલીસની એલીટ એક્શન ગ્રુપ ફોર ડ્રગ લૉ એન્ફોર્સમેન્ટ (EAGLE) ટીમે આ ખાનગી શાળામાંથી આઠ રિએક્ટર અને ડ્રાયર્સથી સજ્જ એક કેમિસ્ટ્રી લેબ શોધી કાઢી હતી. જેમાં મોટા પાયે ડ્રગ ઉત્પાદન થઈ રહ્યું હતું. પોલીસે ૭ કિગ્રા અલ્પ્રાઝોલમનો જથ્થો, રૂ. ૨૧ લાખની રોકડ, અને ડ્રગ્સ બનાવવા વપરાતું કેમિકલ અને સાધનો જપ્ત કર્યા હતા. આ યુનિટમાં લગભગ છ મહિનાથી ડ્રગ્સનું ઉત્પાદન થઈ રહ્યું હતું. ગૌડે કથિત રીતે અઠવાડિયામાં સળંગ છ દિવસ સુધી ઉત્પાદન કરતો હતો. અને રવિવારે તેની ડિલિવરી થતી હતી. આ ખાનગી શાળામાં નીચે ગ્રાઉન્ડ તથા પહેલા માળ પર શૈક્ષણિક વર્ગો ચાલી રહ્યા હતાં. જ્યારે ઉપર બીજા માળે ડ્રગ્સનું ઉત્પાદન ધમધમી રહુયં હતું.

---

કચરાની ગાડીમાં મૃતદેહ લઈ ગયા પરિજનો

## શબવાહિની માંગતા નપાએ કચરાનું વાહન મોકલી દીધું

(સંપૂર્ણ સમાચાર સેવા)કૌશાંબી

ઉત્તર પ્રદેશના કૌશાંબી જિલ્લામાં બાઈક પર મૃતદેહ લઈ જવાનો મામલો હજુ શાંત થયો ત્યારે ફરી નવો વિવાદ સામે આવ્યો છે. આ દરમિયાન હાલમાં નગર પાલિકા પરિષદ ભરવાડીમાં કચરાના વાહનમાં મૃતદેહને સ્મશાન લઈ જવાનો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ફોટો-વિડીયો વાયરલ થયા બાદ વહીવટીતંત્રમાં પણ હડકંપ મચી ગયો છે. પરિસ્થિતિને ધ્યાનમાં લઈ આ મામલે ADM એ તપાસ બાદ કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.

હકીકતમાં આ આખો મામલો નગર પાલિકા પરિષદ ભરવાડીના વોર્ડ-૭નો છે. જ્યાં નગરપાલિકામાં કામ કરતા કર્મચારી શુભમ મિશ્રાની માતાનું આકસ્મિક નિધન થયું હતું. મૃત્યુ બાદ જ્યારે નગરપાલિકામાં શબવાહિની માંગવામાં આવી, ત્યારે કહેવામાં આવ્યું કે શબવાહિની ક્યાંક ગઈ છે. તે પછી નગરપાલિકાએ મૃતદેહને ઘરેથી સ્મશાન લઈ જવા માટે નગરપાલિકાએ કચરાનું વાહન મોકલી દીધું. એ પછી પરિવાર મૃતદેહને કચરાના વાહનમાં સંદીપન ઘાટ સ્થિત સ્મશાન લઈ ગયો. કચરાના વાહનમાં મૃતદેહ લઈ જતી વખતે કોઈએ તેનો ફોટો ખેંચીને સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો.

સોશિયલ મીડિયા પર ફોટો વાયરલ થતાં જ લોકોએ વિવિધ કોમેન્ટ આપી હતી. આ સંદર્ભે હિન્દુ રક્ષા સમિતિના જિલ્લા સંયોજક વેદ પ્રકાશ પાંડેએ જણાવ્યું હતું કે, આ ખૂબ જ ખરાબ કૃત્ય છે. નગર પાલિકાના ઈ ભરવારી અને અન્ય લોકો સંપૂર્ણપણે ભ્રષ્ટ અને તેમનામાં માનવતા મરી પરવારી છે. તેમણે એક મહિલાના મૃતદેહને કચરાના વાહનમાં સ્મશાનગૃહમાં મોકલ્યો છે. આ મામલે દોષિત અધિકારીઓ પર કડક કાર્યવાહી થવી જોઈએ. EO રામ સિંહે કહ્યું કે, 'અમારી પાસે બે શબવાહિની છે. કચરાનું વાહન મોકલવા અંગની જાણકારી મારી પાસે નથી. શુભમ મિશ્રા અહીંનો કર્મચારી છે. કચરાના વાહનમાં મૃતદેહ લઈ જવાનો તેમનો પોતાનો નિર્ણય હતો. આમાં નગર પાલિકા વહીવટીતંત્ર, જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા કોઈ બેદરકારી રાખવામાં આવી નથી.' આ મામલે ADM ફાઈનાન્સ અને રેવન્યુ શાલિની પ્રભાકર સાથે પણ વાત કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે, ખરેખર આ ખોટું કહેવાય. હું આ અંગે EO સાથે વાત કરીશ અને લાગતા વળતાં સામે કાર્યવાહી કરવામાં આવશે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની તેજસ એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી

## મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે વધારાનો હવાલો સંભાળવા અમદાવાદથી મુંબઈ સુધી રેલવે દ્વારા પ્રવાસ

મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે વધારાનો હવાલો સંભાળવાની જવાબદારી સ્વીકારવા માટે ગુજરાતના માન. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ મુંબઈ સુધી જવા માટે રેલવે દ્વારા મુસાફરી કરી. આ મુસાફરીમાં લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી પણ જોડાયા હતા. રાજ્યપાલશ્રીએ હવાઈ મુસાફરીને બદલે ટ્રેન દ્વારા અમદાવાદથી મુંબઈ જવાની અનુમતિ આપતા તારીખ ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ રવિવારની તેજસ એક્સપ્રેસ ટ્રેનમાં તેઓની ટિકિટ બુક કરાવવામાં આવી હતી.



ટ્રેન ઉપડવાના નિર્ધારિત સમય પહેલા રાજ્યપાલશ્રી ગાંધીનગર રાજભવનથી અમદાવાદ રેલવે સ્ટેશન આવી પહોચ્યા હતા. સવારના સમયે અમદાવાદ રેલવે સ્ટેશન પર ગુજરાતના રાજ્યપાલશ્રી આવ્યા હોવાની જાણ થતા મુસાફરો પણ આશ્ચર્યચકિત થયા હતા. તો બીજી તરફ રેલવેના ઉચ્ચ અધિકારીઓએ પણ રાજ્યપાલશ્રી અને લેડી ગવર્નરનું સ્વાગત કરી મુસાફરી માટે આવકાર્યા હતા. અમદાવાદથી મુંબઈ જતી તેજસ એક્સપ્રેસ ટ્રેનમાં રાજ્યપાલશ્રીએ પોતાની સીટ ગ્રહણ કરી ત્યારે તે કોચમાં મુસાફરી કરી રહેલા અન્ય મુસાફરોમાં પણ કૂતુહલ સર્જાયુ હતું. રાજ્યપાલશ્રીએ વિનમ્ર ભાવે તમામ મુસાફરોનું અભિવાદન ઝીલ્યુ હતું તેમજ તેઓની સાથે સહજ સંવાદ પણ કર્યો હતો.

અમદાવાદથી મુંબઈ સુધીની મુસાફરી દરમ્યાન મુસાફરો સાથે રાજ્યપાલશ્રીએ ભારતીય સંસ્કૃતિ, પ્રાકૃતિક કૃષિ, સુવિધા યુક્ત રેલવે સફર, વ્યક્તિત્વ વિકાસ જેવા વિષયો પર સામાન્ય ચર્ચાઓ કરી હતી. મુસાફરોએ પણ પોતાની આ સફરને યાદગાર બનાવવા મોબાઈલમાં રાજ્યપાલશ્રી સાથે ફોટાઓ પડાવ્યા હતા. સામાન્ય રીતે રાજ્યપાલશ્રી માટે વિશેષ વિમાન દ્વારા હવાઈ મુસાફરીની સુવિધા ઉપલબ્ધ હોય છે પરંતુ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પોતાના નિર્ધારિત કાર્યક્રમ માટે રેલ યાત્રાનો વિકલ્પ પસંદ કરી એક સામાન્ય મુસાફરની જેમ અમદાવાદથી મુંબઈ સુધી મુસાફરી કરી. જેનાથી ટ્રેનના અન્ય મુસાફરોને પણ આશ્ચર્યની સાથે આનંદની અનુભૂતિ થઈ હતી તેમજ રાજ્યપાલશ્રીના આવા સરળ વ્યક્તિત્વથી ઉપસ્થિત રેલયાત્રીઓ પ્રભાવિત થયા હતા.

મહત્વનું છે કે, ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ શ્રી સી. પી. રાધાકૃષ્ણન દ્વારા મહારાષ્ટ્રના રાજ્યપાલ પદેથી રાજીનામું આપવામાં આવ્યું છે. જે અનુસંધાને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને મહારાષ્ટ્રના રાજ્યપાલનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

### ૨૧ વર્ષીય યુવકે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું!

## અમદાવાદ એરપોર્ટ વિસ્તારમાં ૮ વર્ષના બાળકની સાથે કુકર્મ

### કબૂતર રમાડવાની લાલચ આપી અગાસી પર લઈ ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના એરપોર્ટ વિસ્તારમાં એક અત્યંત શરમજનક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક ૨૧ વર્ષીય યુવકે ૮ વર્ષના માસૂમ બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું છે. આરોપીએ બાળકને કબૂતર રમાડવાની લાલચ આપીને અગાસી પર લઈ જઈને આ દુષ્કર્મ કર્યું હતું. આ ઘટના બાદ પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવતા એરપોર્ટ પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, એરપોર્ટ વિસ્તારમાં રહેતો ૨૧ વર્ષીય યુવક પડોશમાં રહેતા એક ૮ વર્ષના બાળકને અગાઉથી ઓળખતો હતો.

શનિવારે સાંજે યુવકે આ બાળકને કબૂતર રમાડવાની લાલચ આપી અને પોતાના ઘરની અગાસી પર લઈ ગયો હતો. ત્યાં તેણે માસૂમ બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું. ભોગ બનેલા બાળકે ઘરે જઈને તેના પરિવારને આ અંગેની જાણ કરી હતી.

પરિવારજનોએ આ ગંભીર ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપી યુવક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગુનો નોંધીને આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી છે અને લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પોલીસ આ મામલે સઘન તપાસ ચલાવી રહી છે અને ટૂંક સમયમાં આરોપીની ધરપકડ કરવામાં આવશે તેમ જણાવ્યું છે.

### રાજકોટમાં વધુ એક દુષ્કર્મનો બનાવ

## ૨૨ વર્ષીય યુવતી પર જીજાજીએ અનેકવાર માણ્યું શરીરસુખ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ શહેરમાં ફરી એકવાર માનવતાને શરમજનક બનાવે તેવી ઘટના સામે આવી છે. જેમાં એક ૨૨ વર્ષીય યુવતી પર તેના કૌટુંબિક જીજાજીએ દુષ્કર્મ આચર્યું હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. આ ઘટનામાં આરોપીએ દુષ્કર્મ આચર્યા બાદ યુવતીને બ્લેકમેલ કરી ધમકી આપી હતી કે જો તે આ વાત કોઈને કહેશે તો તે દવા પીને આત્મહત્યા કરી લેશે. શહેરની ૨૨ વર્ષીય યુવતીએ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં જેતપુરમાં રહેતા તેના કૌટુંબિક જીજાજી કેવલ જયંતિભાઈ સીતાપરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, બોરડી સમઢીયાળા ગામે એક પ્રસંગમાં આરોપી કેવલે યુવતી સાથે બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. જ્યારે યુવતીએ આ વાતની જાણ પરિવારને કરવાની ધમકી આપી, ત્યારે આરોપીએ લાગણીશીલ બ્લેકમેલનો સહારો લીધો. તેણે યુવતીને કહ્યું કે તેની પત્ની બીજા સાથે વાત કરે છે અને તે તેની સાથે છૂટાછેડા લઈને યુવતી સાથે લગ્ન કરશે. આવી લાલચ આપીને તેણે યુવતીના ઘરે અને પછી એક હોટેલમાં પણ તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા.

આરોપીએ દુષ્કર્મ દરમિયાન યુવતીના અશ્લીલ ફોટા પણ પાડી લીધા હતા. બાદમાં આ ફોટા વાઈરલ કરવાની અને દવા પીને આત્મહત્યા કરી લેવાની ધમકી આપીને યુવતીને બ્લેકમેલ કરતો રહ્યો. યુવતીએ આ બ્લેકમેલથી કંટાળીને આખરે પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય લીધો. પોલીસે યુવતીની ફરિયાદના આધારે આરોપી કેવલ સીતાપરા સામે ગુનો નોંધી તેને ઝડપી પાડ્યો છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ ફરી એકવાર સમાજમાં કૌટુંબિક સંબંધોની પવિત્રતા અને સ્ત્રીઓની સુરક્ષા પર સવાલો ઉભા કર્યા છે.

### લખનઉ એરપોર્ટ પર મોટી હોનારત ટળી

## ટેકઓફ સમયે ઉડી જ ના શક્યું ઈન્ડિગોનું વિમાન

### આ વિમાનમાં સમાજવાદી પાર્ટીના સાંસદ અને સપા અધ્યક્ષ અખિલેશ યાદવની પત્ની ડિમ્પલ યાદવ પણ હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનઉ

ઉત્તર પ્રદેશના લખનઉ એરપોર્ટ પર આજે ૧૪ સપ્ટેમ્બરે રવિવારે દર્દનાક દુર્ઘટના બનતા ટળી છે.

દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ ટેકઓફ દરમિયાન જ રનવે પર રોકાઈ ગઈ છે. કેપ્ટને સમય સૂચકતા સાથે વિમાન રોકી ૧૫૧ પેસેન્જરનો જીવ બચાવ્યો છે. આ વિમાનમાં સમાજવાદી પાર્ટીના સાંસદ અને સપા અધ્યક્ષ અખિલેશ યાદવની પત્ની ડિમ્પલ યાદવ પણ હતા. મીડિયા સૂત્રો અનુસાર, વિમાન રનવે પરથી ટેકઓફ કરી રહ્યું હતું. તે સમયે સ્પીડમાં દોડવા તો લાગ્યું પણ હવામાં ઉડી શક્યુ નહીં. ફ્લાઈટના કેપ્ટને સમય સૂચકતાથી રનવેના અંતિમ માર્ગ પહેલાં જ વિમાન અટકાવી દીધું. આ ઘટનાથી વિમાનમાં હાજર પેસેન્જર ભયભીત બન્યા હતા. જો કે, તમામ પેસેન્જર સુરક્ષિત રહ્યા હતા. બાદમાં તેમને અન્ય ફ્લાઈટમાં દિલ્હી મોકલવામાં આવ્યા હતા. સુરતથી દુબઈ જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં પણ ઉડાન દરમિયાન ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. જેથી ફ્લાઈટનું અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તાત્કાલિક લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. આ વિમાનમાં ૧૭૦થી વધુ પેસેન્જર સવાર હતા. અધિકારીઓએ જણાવ્યું કે, આ ઈમરજન્સી લેન્ડિંગ ન હતું. પરંતુ ટેક્નિકલ ખામીના કારણે સુરક્ષિત ઓપરેશન સુનિશ્ચિત કરતાં આ પગલું લેવામાં આવ્યું હતું. જેથી વિમાનનું અમદાવાદમાં લેન્ડિંગ કરાવ્યું હતું. અધિકારીઓએ બાદમાં સ્પષ્ટતા કરી હતી કે, આ નિર્ણય પેસેન્જરની સુરક્ષાને ધ્યાનમાં રાખી લેવામાં આવ્યો છે. ઈન્ડિગો એરલાઈન્સે તુરંત બીજા વિમાનની વ્યવસ્થા કરી હતી. તમામ પેસેન્જરને દુબઈ એરપોર્ટ સુધી સુરક્ષિત પહોંચાડ્યા હતા.

### નવરાત્રિને હવે ગણતરીના દિવસો બાકી

## સુરતના ફાયર વિભાગે આયોજકોને ૩૦ મુદ્દાઓની નોટીસ આપી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

નવરાત્રિને હવે ગણતરીના દિવસો બાકી રહી ગયા છે. ત્યારે સુરતના ફાયર વિભાગે આયોજકોને ૩૦ મુદ્દાની નોટીસ આપી છે. સાથે જ નવો નિયમ લાગુ કર્યો કે, નવરાત્રી આયોજકોએ ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામું આપવું પડશે કે, નવરાત્રિ દરમિયાન ઘટના બનશે તો સંપૂર્ણ જવાબદારી આયોજકોની રહેશે. ગરબા કરવા આવનારા લોકોની યાદી રાખવી પડશે.

આગામી નવરાત્રી મહોત્સવની ઉજવણી માટે આયોજકોએ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડે તે પહેલાં ઊભા થનારા મંડપો અને ટેમ્પરરી સ્ટ્રક્ચરો માટે સુરત મનપા ફાયર વિભાગ હરકતમાં આવી છે. સુરતના ફાયર વિભાગે ગરબા આયોજકોને ૩૦ મુદ્દાની નોટીસ આપી છે અને તેનું પાલન કરવાની સૂચના આપી છે. આ ઉપરાંત નિયમોના પાલન અંગે ફાયર ઉપરાંત પોલીસ, ટ્રાફિક, કોર્પોરેશન સહિતના વિભાગોની પણ NOC ફરજિયાત રજૂ કરવી પડશે.

આગ-અકસ્માતની ઘટના નિવારવા આયોજકોને ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર સોગંદનામુ લખીને આપું પડશે. નોટરી કરાવી ફાયર વિભાગની એનઓસી લેવી પડશે. નવરાત્રિના આયોજનોમાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થાય છે, તેથી ગરબા કરવા આવનારા લોકોની યાદી આયોજકોએ રાખવી પડશે.

તેમજ ફાયર NOC મેળવવા ગુજરાત સરકારની વેબસાઈટ અરજી કરી ફાયર અભિપ્રાય મેળવવો ફરજિયાત રહેશે. ફાયર વિભાગે આયોજકોને ૩૦ મુદ્દાની નોટીસ આપી છે તેમાં સ્પષ્ટ લખાયું છે કે, નવરાત્રિ દરમિયાન ઘટના બનશે તો સંપૂર્ણ જવાબદારી આયોજકોની રહેશે. આ માટે સુરત શહેરમાં નવરાત્રિ આયોજકોએ ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામું આપવું પડશે.

નવરાત્રી મંડપો માટે આ નિયમો ફરજિયાત કરાયા, વાયરિંગ પ્રમાણિત ઈજનેર પાસે ચેક કરાવવું પડશે. મંડપ અને ટેમ્પરરી સ્ટ્રક્ચર સ્કૂલ, હોસ્પિટલ કે જ્વલનશીલ પદાર્થના ગોડાઉન જેવા જોખમી સ્થળોથી દૂર રાખવો, આયોજન સ્થળ મુખ્ય માર્ગથી ૪૫ મીટરથી વધારે દૂર રાખવો નહીં. ઈલેક્ટ્રિક સબ સ્ટેશન, ભઠ્ઠી, ટ્રાન્સફોર્મર, હાઈટેન્શન લાઈન કે રેલવે લાઈનથી ૧૫ મીટર દૂર રાખવાનો રહેશે. સ્ટ્રક્ચર કે મંડપની અંદર સ્ટોલ કે સ્ટેજ નીચે જ્વલનશીલ પદાર્થો રાખવા નહીં. પ્રવેશદ્વારની ઉંચાઈ અને પહોળાઈ ૫ મીટર હોવી જોઈએ.

ફરજિયાત બે "EMERGENCY EXIT" તથા ઈમરજન્સી લાઈટિંગ/સાઈનેજ ગોઠવવા.

આયોજન સ્થળે ફટાકડાનો ઉપયોગ કે સંગ્રહ કરવો નહીં, દરેક ૧૦૦ ચો.મી. અંતરે ABC તથા $CO_2$ ફાયર એસ્ટિંગ્યુઝર ફરજિયાત મુકવા. ઈલેક્ટ્રિક વાયરિંગ પ્રમાણિત ઈજનેરની ચકાસણી સાથે જ કરાવવું. LPG સિલિન્ડર, ફટાકડા, રસોઈ સાધનો, ખુલ્લી જ્યોતનો સંપૂર્ણ પ્રતિબંધ. સ્વયંસેવકો ૨૪ કલાક હાજર રાખવા. જો સૂચનાઓનું પાલન ન થાય અને આગ અકસ્માત બને તો તેની સંપૂર્ણ જવાબદારી મંડપ સંચાલકો, આયોજકોની રહેશે, તેમ પણ ફાયર વિભાગે સ્પષ્ટ કર્યું છે.

### આજીવન કેદની સજા

## ટીવી રિમોટ માટે ઝઘડો થતાં કળીયુગી દીકરાએ માતાની કરી હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)બર્મિંગહામ

ઈંગ્લેન્ડના બર્મિંગહામમાં પોતાની માતાની હત્યા કરનાર ભારતીય મૂળના એક વ્યક્તિને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. કોર્ટના નિર્ણયમાં કહેવામાં આવ્યું છે કે દોષિતે ઓછામાં ઓછા ૧૫ વર્ષ જેલમાં વિતાવવા પડશે. આ પછી જ તેના પેરોલ માટે વિચારવામાં આવશે. દોષિત સુરજીત સિંહે તેની ૭૬ વર્ષીય માતા મોહિન્દર કૌરની હત્યાની કબૂલાત કરી હતી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં અનેક વખત છરા માર્યા બાદ થયેલી ઈજાઓને કારણે કૌરનું મૃત્યુ થયું હતું.

બર્મિંગહામ ક્રાઉન કોર્ટમાં સુરજીત સિંહને સજા ફટકારવામાં આવી હતી. તેણે નજીવી તકરારમાં માતાની નિર્દયી હત્યા કરી હતી. નશામાં ધૂત સિંહે ટેલિવિઝન રિમોટના વિવાદને કારણે તેની માતા પર જીવલેણ હુમલો કર્યો હતો. વેસ્ટ મિડલેન્ડ્સ પોલીસના તપાસકર્તા નિક બાર્ન્સે જણાવ્યું કે, આ નિર્દયી હત્યાના કારણે એક આખો પરિવાર વિખેરાઈ ગયો છે અને અમારી સહાનુભૂતિ તેના તમામ પીડિતો સાથે છે. પુત્ર નશાની હાલતમાં હોવાથી માતાએ તેને ઠપકો આપ્યો હતો. બાદમાં ટીવીના રિમોટ મામલે નજીવી તકરાર થઈ હતી. તેમાં પુત્રે ભાન ભૂલાવી માતા પર નિર્દયતાપૂર્વક હુમલો કરી દીધો હતો.

સુરજીત સિંહ બર્મિંગહામના સોહો વિસ્તારમાં તેની વિધવા માતા સાથે રહેતો હતો. તેણે પોલીસ કસ્ટડીમાં જણાવ્યું હતું કે, 'મારો હત્યા કરવાનો કોઈ ઈરાદો નહોતો. મેં ફક્ત મારું સંતુલન ગુમાવ્યું.' પોલીસે જણાવ્યું હતું કે મોહિન્દર કૌર પર ચાકુ વડે અનેક ઘા મારવામાં આવ્યા હોવાથી મોત થયુ હતુ. કેસમાં આરોપી મળી આવ્યો હોવા છતાં હજુ સુધી સ્પષ્ટ થયુ નથી કે, તેણે કયાં ચાકુ કે ધારદાર હથિયાર વડે પોતાની માતા પર હુમલો કર્યો હતો.

### બંગાળની ખાડીમાં સર્જાઈ સિસ્ટમ

## ગુજરાતમાં ફરી એક વરસાદનો રાઉન્ડ આવે તેવી સંભાવના

### આ સિસ્ટમ ધીરે ધીરે મહારાષ્ટ્ર તરફ ફંટાતા વરસાદ વરસી શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બંગાળની ખાડીમાં વધુ એક સિસ્ટમ આકાર લેતાં ફરી ગુજરાતમાં વરસાદનું અનુમાન છે. આ સિસ્ટમના કારણે ખાસ કરીન દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ વરસશે. મેઘરાજાએ રાજ્યમાં જોરદાર બેટિંગ કર્યા બાદ હાલ મોટાભાગના વિસ્તારમાં વરસાદે લગભગ વિરામ લીધો છે. કચ્છના કેટલાક વિસ્તારમાં ગઈ કાલે વરસાદ વરસ્યો હતો. આગામી ૨૪ કલાકમાં ગુજરાતમાં છૂટછવાયો હળવો વરસાદ વરસી શકે છે. ભારે સાર્વત્રિક વરસાદની શક્યતા નહિવત છે. બંગાળની ખાડીમાં એક સાયક્લોનિક સર્ક્યુલેશન રચાઈ રહ્યું છે. જો આ સિસ્ટમ મજબૂત બનશે તો ગુજરાતમાં ફરી વધુ એક વરસાદનો રાઉન્ડ આવે તેવી શક્યતા જોવાઈ રહી છે. આ સિસ્ટમ ધીરે ધીરે આગળ વધશે અને મહારાષ્ટ્ર તરફથી ગતિ કરે તેવી શક્યતા જોવાઈ રહી છે. આ સિસ્ટમ મહારાષ્ટ્ર તરફ ફંટાતા મહારાષ્ટ્રમાં ભારે વરસાદ વરસી શકે છે. આગામી ૧૫ સપ્ટેમ્બરની આસપાસ આ સિસ્ટમની અસર ગુજરાતમાં પણ વર્તાશે. જેના પગલે ૧૫ સપ્ટેમ્બરની આસપાસ ફરી ગુજરાતમાં વરસાદનો એક નવો રાઉન્ડ શરૂ થઈ શકે છે. આ સિસ્ટમ કેટલી મજબૂત બનશે તેના પર વરસાદની તીવ્રતાનો આધાર રહેશે. હવામાન વિભાગના મોડલ મુજબ બંગાળની ખાડીમાં સર્જાયેલી સિસ્ટમના કારણે ૧૫ સપ્ટેમ્બરથી ગુજરાતમાં ફરી વરસાદની શરૂઆત થઈ શકે છે. જો કે આ રાઉન્ડમાં સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસે તેવી શક્યતા જોવાઈ રહી છે. વલસાડ, તાપી, નવસારી, સુરત સહિત સૌરાષ્ટ્રના વિસ્તાર પોરબંદર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથમાં પણ આ રાઉન્ડમાં ભારે વરસાદ વરસી શકે છે.

ઉલ્લેખનિય છે કે, ગુજરાતમાં ૧૫ સપ્ટેમ્બર સુધી વરસાદની કોઈ શક્યતા નથી. આગામી ૧૫ સપ્ટેમ્બર બાદ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદનો રાઉન્ડ આવી શકે છે જ્યારે આ વિસ્તાર ઉપરાંત ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, પૂર્વ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

### ૧૩ થાઈલેન્ડની યુવતીઓ સહિત ૨૨ લોકોની ધરપકડ

## હોટલની આડમાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં એક હોટલની આડમાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ થયો છે. એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ સેલ (AHTU) દ્વારા આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું, જેમાં ૧૩ થાઈલેન્ડની યુવતીઓ, ૫ ગ્રાહકો અને ૪ સંચાલકો સહિત કુલ ૨૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ કાર્યવાહીથી શહેરમાં ચાલતા આવા ગેરકાયદેસર ધંધાઓ પર પોલીસની નજર કેટલી સખત છે તે ફરી એકવાર સાબિત થયું છે.આ ઘટના વિશે મળતી માહિતી મુજબ, AHTU ટીમને ગુપ્ત રાહે જાણવા મળ્યું હતું કે જહાંગીરપુરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલી એક હોટલમાં કૂટણખાનું ચાલી રહ્યું છે. આ માહિતીના આધારે, પોલીસે એક ડમી ગ્રાહક મોકલીને તપાસ કરી અને પુષ્ટિ મળતાં જ તુરંત રેડ કરી હતી. આ દરમિયાન, પોલીસ ટીમે સ્થળ પરથી ૧૩ થાઈલેન્ડની યુવતીઓને મુક્ત કરાવી હતી, જેઓ દેહવ્યાપાર માટે ત્યાં રાખવામાં આવી હતી. આ ઉપરાંત, ત્યાં હાજર ૫ ગ્રાહકોને પણ ઝડપી પાડવામાં આવ્યા હતા. આ સમગ્ર ગેરકાયદેસર ધંધાનું સંચાલન કરતા ૪ આરોપીઓને પણ પોલીસે ઝડપી પાડ્યા છે.

### હિન્દુઓને વસ્તી વધારવા આપ્યો નવો નારો

## પ્રવીણ તોગડિયાએ કડીમાં સભા ગજવતાં રાજકારણ ગરમાયું

### હિન્દુઓની ઘટી રહેલી વસ્તી અંગે ચિંતા વ્યક્ત કરતા ડો.પ્રવીણ તોગડિયાએ લોકોને 'તીન બચ્ચે હિન્દુ સચ્ચે' નો નારો આપ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)કડી

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક અને અધ્યક્ષ ડૉ. પ્રવીણ તોગડિયા ૧૫ વર્ષ બાદ કડીની મુલાકાતે આવ્યા હતા. છઉૅના વડાએ સભા ગજવતાં રાજકારણ ગરમાયું છે. તેમણે અહીં હિન્દુઓને એક સૂત્ર આપ્યું કે, તીન બચ્ચે હિન્દુ સચ્ચે. રામમંદિર ૮ કરોડ હિન્દુના પસીનાથી બન્યું, દરેકે સવા રૂપિયાનું યોગદાન આપ્યું.

૧૫ વર્ષ બાદ કડી આવેલા ડો.પ્રવીણ તોગડિયાએ કાર્યકર્તાઓ સાથે સંવાત કર્યો હતો. તેમણે કાર્યક્રમમાં તીન બચ્ચે હિન્દુ સચ્ચેનો નારો આપ્યો હતો. કડીમાં તેમણે સભા ગજવી હતી. તોગડિયાએ હિન્દુઓના રોજગાર અને નોકરી માટે પણ હિન્દુઓને પ્રાથમિકતા આપવાની વાત કરી. દરમિયાન તોગડિયાએ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની નવી ટીમની ઘોષણા પણ કરી હતી, જે હિન્દુ એકતાના મિશનને આગળ વધારશે. જ્યાં રામ મંદિર આંદોલનથી જોડાયેલા પોતાના અનુભવો અને હિન્દુ એકતાના મહત્ત્વ પર ભાર મૂક્યો.

હિન્દુઓની ઘટી રહેલી વસ્તી અંગે તેમણે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, હિન્દુઓની સંખ્યા ઘટી રહી છે અને આ બહુમત જાળવવા માટે અમુક કડક નિયમો લાવવાની જરૂર છે. તેમણે સૂચન કર્યું કે જેઓ બે કે તેથી વધુ બાળકો ધરાવે છે તેમને રેશનકાર્ડ, સરકારી સ્કૂલમાં પ્રવેશ અને સરકારી હોસ્પિટલની સેવાઓ ન મળે.

તેમણે આગળ કહ્યું કે, રામ મંદિર માટે ૧૯૮૪થી શરૂ થયેલા આંદોલન દરમિયાન લાખો હિન્દુઓને જાગ્રત કરવામાં આવ્યા હતા. ૧૯૮૯માં ચાર લાખ ગામમાં ઈંટ પૂજન યોજાયું હતું, જે રામ મંદિર નિર્માણ માટેનો મજબૂત આધાર બન્યું. તેમણે ઉમેર્યું, આ મંદિર ૮ કરોડ હિન્દુઓના પસીનાથી બનેલું છે. દરેક હિન્દુએ સવા રૂપિયાનો યોગદાન આપ્યું હતું, જે માત્ર રકમ નહીં, પરંતુ ધર્મયુદ્ધમાં સહભાગી થવાનું નિમંત્રણ હતું.

## આમ આદમી પાર્ટીના પ્રવિણરામ માટે પ્રમુખે માંગ્યુ પ્રોટેકશન : ભાજપથી ખતરો હોવાની કહી ઈસુદાન ગઢવીએ કર્યા ગંભીર આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ભાજપ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. આમ આદમી પાર્ટીના નેતા પ્રવિણરામ માટે પોલીસ પ્રોટેકશનની માંગ સાથે ઈસુદાને ભાજપ સામે આક્ષેપ કર્યા હતા.

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવિણ રામ માટે પોલીસ પ્રોટેકશનની તેમણે માંગણી કરી છે. ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે અમારા નેતા પ્રવિણ રામની જાન પર ખતરો છે અને એમના ઉપર હુમલો થવાની શકયતા છે. ડીજીપી દ્વારા આઈજી અને એસપી ને સુચના આપીને પ્રવિણરામને પોલીસ પ્રોટેકશન આપવામાં આવે, ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે ભાજપવાળા પ્રવિણરામની ઘેડ બચાવો પદયાત્રામાં અડચણ ઉભી કરી રહ્યા છે, ભાજપવાળા કામ કરતા નથી, બીજાને કામ કરવા દેતા પણ નથી, કોઈ કામ કરે તો એમના અવાજને દબાવી દે છે, ભાજપવાળા પોતાના માણસોને મોકલીને પ્રવિણરામને હેરાન કરવાની અને સભાઓ રદ કરવાની કોશિષ કરી રહ્યા છે. ભાજપવાળા ૩૦ વરસથી ઘેડ બચાવવા માટે આશ્વાસન આપી રહ્યા છે, જુનાગઢ, પોરબંદર અને દ્વારકાના ગ્રામજનો ઘેડ ના પાણી ભરાવવાના કારણે ૩૦ વરસથી પીડાઈ રહ્યા છે.



### ચેન્નઈ એગ્મોર સ્ટેશન પર લાઈન અને પાવર બ્લોકના કારણે અમદાવાદ – તિરુચિરાપલ્લી સ્પેશિયલ પરિવર્તિત માર્ગેથી ચાલશે

દક્ષિણ રેલવેના ચેન્નઈ એગ્મોર સ્ટેશન પર પુનર્વિકાસ કાર્યના બીજા તબક્કાના સંદર્ભમાં લાઈન બ્લોક અને પાવર બ્લોકના કારણે પ્લેટફોર્મ નં. ૭, ૮ અને ૯ પ્રભાવિત થશે. જેના કારણે અમદાવાદ – તિરુચિરાપલ્લી સ્પેશિયલ પરિવર્તિત માર્ગેથી ચાલશે જેની વિગતો નીચે મુજબ છે:

૧. ૧૮, ૨૫ સપ્ટેમ્બર તથા ૨, ૯, ૧૬, ૨૩, ૩૦ ઑક્ટોબર અને ૬ નવેમ્બર ૨૦૨૫ના રોજ અમદાવાદથી ચાલનારી ટ્રેન સંખ્યા ૦૯૪૧૯ અમદાવાદ – તિરુચિરાપલ્લી સાપ્તાહિક સ્પેશિયલ પરિવર્તિત માર્ગ વાયા રેનીગૂંટા, તિરુત્તાની, મેલપક્કમ, કાટપાડી અને વેલ્લોર કૅન્ટ ના રસ્તે ચાલશે. આ દરમિયાન આ ટ્રેનને તિરુત્તાની સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યુ છે.

આ ટ્રેન અરક્કોણમ, પેરંબુર, ચેન્નઈ એગ્મોર, તાંબરમ અને ચેંગલપટ્ટુ સ્ટેશનો પર નહીં જાય.

૨. ૧૪, ૨૧, ૨૮ સપ્ટેમ્બર તથા ૫, ૧૨, ૧૯, ૨૬ ઑક્ટોબર અને ૨, ૯ નવેમ્બર ૨૦૨૫એ તિરુચિરાપલ્લીથી ચાલનારી ટ્રેન સંખ્યા ૦૯૪૨૦ તિરુચિરાપલ્લી – અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ પરિવર્તિત માર્ગ વાયા વેલ્લોર કૅન્ટ, કાટપાડી, મેલપક્કમ, તિરુત્તાની અને રેનીગૂંટાના રસ્તે ચાલશે. આ દરમિયાન તિરુત્તાની સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

આ ટ્રેન ચેંગલપટ્ટુ, તાંબરમ, ચેન્નઈ સેન્ટ્રલ, પેરંબુર અને અરક્કોણમ સ્ટેશનો પર નહીં જાય.

મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખી મુસાફરી શરૂ કરે. ટ્રેનોની વિગતવાર માહિતી માટે કૃપા કરી www.enquiry.indianrail.gov.in પર અવલોકન કરે.

# અમદાવાદની ઓઢવ પોલીસે ગણતરીના કલાકોમાં બિલ્ડરની હત્યાનો ભેદ ઉકેલ્યો: રાજસ્થાનથી પોલીસ આરોપીઓને ઉઠાવી લાવી




પ્રતિનિધિ,ગાંધીનગર

વિરાટનગર બ્રિજ નીચે એક મોંઘીદાટ કાર ઉભી હતી અને તેમાં બિલ્ડર હિંમત રૂદાણી ની લાશ પડી હતી. તેમના શરીર પર કોઈ તીક્ષ્ણ હથિયાર વડે અનેક ઘા કરવામાં આવ્યા હોવાની જાણકારી બહાર આવી છે.

ઘટનાની માહિતી મળતા જ સમગ્ર વિસ્તારમાં સોંપો પડી ગયો હતો અને લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોચીને સ્થિતિને કાબુમાં લઈ લીધી હતી અને વિસ્તારને કોર્ડન કરી મૃતદેહ કબ્જે લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવ્યા બાદ ઘણી વિગતો બહાર આવી હતી, હાલમાં પોલીસે હત્યારાને શોધી કાઢવા માટેના ચક્રો ગતિમાન કર્યા હતા. હત્યા કરનાર આરોપીઓને પકડી લેવામાં આવ્યા છે જેમાં (૧) હિંમાંશુ ઉર્ફે રાહુલ હરીશભાઈ રાઠોડ રહે.હીરાવાડી ચારરસ્તા અમદાવાદ (૨) પપ્પુ હીરાજી મેઘવાલ રહે. જાવલ શિરોહી રાજસ્થાન (૩) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક

વિરાટનગરમાં બિલ્ડરની હત્યા કરાયેલી હાલતમાં કારમાંથી મૃતદેહ મળ્યો હતો. ઓઢવ પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યાના ગુન્હામાં સંડોવાયેલા ૩ આરોપીઓને ઝડપી લીધા હતા. મળતા અહેવાલ પ્રમાણે ત્રણેય આરોપીઓને રાજસ્થાનના શિહોરમાંથી ઝડપી લેવામાં આવ્યા છે. બિલ્ડરની હત્યા મામલે પોલીસની પ્રાથમિક તપાસમાં રૂપીયાની લેતીદેતી હોવાનુ બહાર આવ્યુ છે.

# અમદાવાદમાં વિવિધ સ્થળેથી લીધેલા મિનરલ પાણીના જગમાં બેકટેરીયા જોવા મળતા ચકચાર: ૭૪ એકમો સીલ કરાયા



પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરમાં લગ્ન પ્રસંગ, બેસણા તેમજ અન્ય કાર્યક્રમો માટે પાણીના જગ વેચતા ૭૪ જેટલા એકમને છેલ્લા બે મહિનામાં સીલ કરવામાં આવ્યા છે. આ એકમોના પાણીમાંથી જ બેકટેરીયા મળી આવ્યા હતા જેને પગલે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા સીલ કરાયા હતા.

શહેરમાં છેલ્લા બે મહિનામાં જ પાણીજન્ય રોગચાળા ના ૧૩૮૪ જેટલા કેસ બહાર આવ્યા બાદ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશને તપાસ હાથ ધરી છે. કોર્પોરેશને સૌથી વધારે પાણીની બોટલ દક્ષિણ ઝોન વિસ્તારમાં સીલ કરી છે.

ઠકકરબાપાનગર અને સરખેજમાં કેટલાક એકમોમાં મહિનામાં બીજી વખત તપાસ કરતા ફરી પાણીના સેમ્પલ ફેઈલ આવ્યા હતા. કોર્પોરેશન દ્વારા તપાસ હાથ ધરવામાં આવતા કેટલાક એકમો માત્ર દેખાવ પુરતુ જ આર ઓ મશીન રાખવામાં આવતુ હતું, આર ઓ મશીનને નિયમિત રીતે મેન્ટેન કરવામાં આવતા ન હતા, કોર્પોરેશનના પાણીથી સીધી બોટલો ભરી માત્ર સીલ કરવામાં આવતી હતી, જે બોટલમાં પાણી ભરવામાં આવે છે તે નિયમિત સાફ કરવામાં આવતી ન હતી, પેકેજીંગમાં માનવ હસ્તક્ષેપ ન હોવો જોઈએ પણ કારીગરો આ કામ કરતા હતા, પાણીની બોટલ ભરવાની જગ્યાને યોગ્ય રીતે સાફ રાખવામાં આવતી ન હતી.

અમદાવાદ શહેરના આ યુનિટોમાંથી પાણીમાં બેકટેરીયાની હાજરી મળી જેમાં (૧) જયભવાની વોટર જગ (૨) એસ પી વોટર જગ (૩) પવન બેવરેજીસ જગ (૪) રવી વોટર જગ (૫) ઓકસીજન વોટર જગ (૬) ટીજીબી વોટર જગ (૭) જય લેમ્બોજ માં વોટર જગ (૮) નેહલ બેવરેજીસ (૯) અમર મીનરલ (૧૦) ક્રિષ્ણા મીનરલ વોટર જગ (૧૧) મહાલક્ષ્મી નગર (૧૨) શિવ શકિત મીનરલ (૧૩) શિકોતર વોટર પ્લાન્ટ (૧૪) શ્રીજી મીનરલ વોટર (૧૫) શ્રીનાથ વોટર પ્લાન્ટ (૧૬) હરે કૃષ્ણ વોટર જગ સપ્લાયર્સ (૧૭) આર વોટર જગ સપ્લાય (૧૮) હિતાક્ષી વોટર સપ્લાય (૧૮) બાબુભાઈ બરફવાળા (૧૯) જશવંતભાઈ મકવાણા (૨૦) એવરગ્રીન વોટર સપ્લાય (૨૧) મીકેશભાઈ દરબાર (૨૨) જય પટેલ એસપી વોટર (૨૩) શ્રી હરી વોટર જગ વિક્રેતા (૨૪) સ્ટાર વોટર જગ સપ્લાયર્સ (૨૫) બાબુભા વોટર જગ (૨૬) આઈઆર વોટર જગ (૨૭) બાણ ગંગા પ્રા. વોટર (૨૮) સીતારામ મીનરલ વોટર (૨૯) ઓમ વોટર પ્લાન્ટ

# રાહુલ ગાંધી ફરી એકવાર આવશે ગુજરાતઃ કોંગ્રેસની શિબિરનુ કરશે સમાપન




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા નવનિયુકત પ્રમુખોને પ્રશિક્ષણ આપવા માટે જુનાગઢની ભવનાથ તળેટીમાં આવેલા પ્રેરણાધામ આશ્રમમાં ૧૦ સપ્ટેમ્બર થી ૧૯ સપ્ટેમ્બર સુધી શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી ગુજરાતની મુલાકાતે આવ્યા હતા ત્યારે આ શિબિરના અંતિમ દિવસે રાહુલ ગાંધી ફરી એકવાર ગુજરાત આવશે. ૧૮ સપ્ટેમ્બરે લોકસભા વિપક્ષ નેતા ગુજરાતમાં પધારશે, જુનાગઢની ભવનાથ તળેટીમાં ૧૦ સપ્ટેમ્બર થી ૧૯ સપ્ટેમ્બર સુધી કોંગ્રેસ દ્વારા શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ શિબિરના અંતિમ દિવસે રાહુલ ગાંધી ફરી એકવાર ગુજરાત આવશે. ૧૮ સપ્ટેમ્બરે લોકસભા વિપક્ષ નેતા જુનાગઢમાં ફરી એકવાર કોંગ્રેસ કાર્યકરોને સંબોધશે. છેલ્લા ૬ મહિનામાં ૮ વખત રાહુલ ગાંધી ગુજરાત આવી ચુકયા છે.

# વડોદરા પોલીસનુ નવરાત્રીમાં ખાસ સુરક્ષા આયોજન : મહિલા પોલીસ કર્મીઓ નવરાત્રીમાં ચણીયાચોળી પહેરી ફરજ બજાવશે



પ્રતિનિધિ,ગાંધીનગર

આગામી નવરાત્રી મહોત્સવને ધ્યાનમાં રાખીને વડોદરા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ખેલૈયાઓની સુરક્ષા, સલામતી અને ટ્રાફીક વ્યવસ્થા માટે ખાસ આયોજન કરવામાં આવ્યુ છે.

જિલ્લાના એસપી સુશીલ અગ્રવાલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે પોલીસ દ્વારા મોટા કોમર્શીયલ ગરબા સ્થળો અને શેરી ગરબાઓનુ મેપીંગ અને સ્થળ વિઝીટની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. ચાલુ વરસે સુરક્ષા વ્યવસ્થામાં એક અનોખી પહેલ જોવા મળશે. મહિલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પરંપરાગત ચણીયા ચોળી અને અન્ય વેશ ભુષામાં ગરબાના મેદાનોમાં ફરજ બજાવશે. આનો મુખ્ય હેતુ ખેલૈયાઓ સાથે ભળી જઈને સુરક્ષા પર નજર રાખવાનો છે. જેથી કોઈ અણબનાવ બને તો તાત્કાલીક કાર્યવાહી કરી શકાય, આ વ્યવસ્થાથી ખેલૈયાઓ વધુ સુરક્ષીત અને નિર્ભયતાનો અનુભવ કરશે. નવરાત્રી દરમિયાન ખેલૈયાઓ સુરક્ષિત રીતે પોતાના ઘરે પહોચી શકે તે માટે વિશેષ ટ્રાફીક પ્લાન પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

આ પ્લાન હેઠળ ટ્રાફીકનુ નિયંત્રણ મજબુત કરવામાં આવશે જેથી ખેલૈયાઓને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય, પોલીસ તંત્ર ગરબા આયોજકો સાથે સતત બેઠકો યોજી રહ્યુ છે. આ બેઠકોમાં સ્થળ પરની જરૂરી સુવિધાઓ, સલામતીના મુદ્દાઓ અને અન્ય જરૂરીયાતો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવે છે. ઉપરાંત ગરબા મેદાનોમાં પોલીસ હેલ્પ ડેસ્ક પણ શરૂ કરવામાં આવશે. જેથી ખેલૈયાઓ કોઈપણ સમસ્યા કે જરૂરીયાત માટે તાત્કાલીક સંપર્ક કરી શકે. પોલીસે મીડીયાના માધ્યમથી નાગરીકોને અપીલ કરી છે કે નવરાત્રી માત્ર આનંદનો તહેવાર જ નહી પરંતુ ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ પણ છે. તેથી સૌએ નિયમોનુ પાલન કરીને શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે આ ઉત્સવની ઉજવણી કરવામાં સહકાર આપવો જરૂરી છે.

# નવલી નવરાત્રીના ઢોલ ઢબુકવાની તૈયારીઓઃ ગ્રામ્ય વિસ્તારમાંથી આયોજકો વાજીંત્રોને રીપેર કરાવવા હિંમતનગર ખાતે ઉમટયા



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

હિંમતનગરમાં નવલી નવરાત્રીના ઢોલ ઢબુકવાની તૈયારીઓ હિંમતનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આયોજકો વાજીંત્રોને રીપેર કરાવવા હિંમતનગર ખાતે ઉમટયા, આદ્યશકિતની આરાધના સમા નવલી નવરાત્રીના મંગલપર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે.

નવરાત્રીના પર્વમાં ભકિત અને શકિતની આરાધના માં માઈભકતો લીન બની જશે, ત્યારે માતાજીના ગરબામાં શુરોના તાલે ખેલૈયાઓ હીલોળે ચડશે, આ શુરોના તાલ લાયબધ્ધ નિકળે તે માટે ઢોલ નગારા સહિત વાજીંત્રોને પણ તૈયાર રાખવા પડે છે. એ માટે તેને રીપેરીંગ કરાવવા માટે હિંમતનગરમાં કસબીઓને ત્યાં મંડળના યુવકો પહોચી જાય છે અને સત્વરે તે રીપેરીંગ કરાવીને નવરાત્રીના મહોત્સવ નિમિત્તે તેનો ભજન મંડળીને સોંપવામાં આવે છે. સાથોસાથ માતાજીની પણ સ્થાપના કરવાની હોવાથી મા અંબા જગદંબાની મુર્તિઓ પણ મંડળના આયોજકો ખરીદી લાવીને તેને તેની જગ્યાએ સ્થાપના કરતા હોય છે. એ માટે પણ તેઓએ મા અંબા જગદંબાની મુર્તિઓ પણ બુક કરાવી દીધેલ છે. હિંમતનગરમાં શેરી ગરબાઓ પહેલાના જમાનામાં યોજાતા હતા જે છેલ્લા ૨૫-૩૦ વરસથી બંધ થયેલ છે. પ્રાચીન અને શેરી ગરબાઓની રમઝટ જે પહેલા બોલાતી હતી તે હવે લુપ્ત થતી જતી અસલી ગરબા સંસ્કૃતિ હવે વીલીન થઈ રહી છે.

હાલ મોંઘવારીના કારણે પહેલાની જેમ શેરી ગરબાઓ શરૂ થાય તેમ નગરજનો ઈચ્છે છે જેથી ખર્ચાઓ પણ ઓછા થાય તેમજ રાત્રીના વહેલા ગરબાઓ પુરા થાય તેમ છે. આવુ આયોજન આ વરસથી શરૂ કરવામાં આવે એમ ગરબા પ્રેમીઓ ઈચ્છી રહ્યા છે. જેના કારણે નગરમાં જે ધંધા પર અસર પડે છે તે પડશે નહી. કારણ કે ગરબા વહેલા પુરા થવાથી દરેક જણ પોત પોતાના ઘરે વહેલી પહોંચી જાય છે અને વહેલા સવારે ઉઠી શકે છે. જેથી નગરમાં આવેલ દુકાનો પણ રેગ્યુલર વહેલી ખુલતી થઈ જાય તેમ છે. વેપારી વર્ગ અને માતા પિતાઓ પણ આ અંગે તૈયારી દર્શાવી રહેલ છે. વરસો પહેલા થતા શેરી ગરબાઓ બંધ થઈ જતા અસલી ગરબા સંસ્કૃતિનુ તેજ લુપ્ત થઈ ગયુ હોય એમ લાગે છે. ત્યારે મા શકિતની આરાધનાના પર્વના અસલી ગરબાને જતન કરવા તેને પુનઃ જીવીત કરવા સ્વેચ્છિક આયોજકો આગળ આવે તેવુ પણ ગરબા પ્રેમી જનતાની માંગ ઉઠવા પામી છે. હિંમતનગરમાં પહેલા થતા શેરી ગરબા જેના આયોજકોએ બનાવેલ મંડળ કે જેમની પાસે પહેલેનુ બેલેન્સ પણ છે, જો તેમાં થોડાક જ રૂપીયા ઉમેરવામાં આવે તો આ ગરબાનુ આયોજન સુંદર રીતે થઈ શકે તેમ છે તો આવા યુવક મંડળ આગળ આવે એ આજના સમયની માંગ છે. ઢોલ ઢબુકવાની તૈયારીઓ હિંમતનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આયોજકો વાજીંત્રોને રીપેર કરાવવા હિંમતનગર ખાતે ઉમટી રહ્યા છે.

# અધ્યક્ષ શંકર ચૌધરીના મતવિસ્તાર થરાદમાં યુવતિઓ અસલામત : થરાદ ગ્રામ્ય વિસ્તારમાં યુવતિ સાથે બિભત્સ માંગણી કરી છેડતી કરતા મહિલા સુરક્ષા પર ઉઠયા સવાલો



પ્રતિનિધિ,ગાંધીનગર


બનાસકાંઠા જિલ્લાના થરાદ કે જે ગુજરાત રાજયના અધ્યક્ષ શંકર ચૌધરીનો મત વિસ્તાર કહેવાય છે. ત્યારે અધ્યક્ષના મતવિસ્તારમાં જ યુવતિઓ પર છેડતી અને જબરદસ્તીની ફરીયાદો ઉઠતા મહિલા સુરક્ષા પર સવાલો ઉઠી રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક ગંભીર અને દુઃખદ ઘટના બહાર આવી છે. ગડસિસર ગામમાં એક યુવતિ સાથે છેડતી તેમજ બિભત્સ માંગણી કરી તેના પર માર મારી કરવામાં આવી હોવાની પોલીસ ચોપડે ફરીયાદ નોંધાવી છે. આ બનાવે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે અને મહિલા સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. સુત્રોના કહેવા પ્રમાણે યુવતિ પોતાના ખેતરમાં કામ કરી રહી હતી ત્યારે પડોશી ગામના રમેશ અને દેવસી પ્રજાપતિએ ખેતરમાં ઢોર ઘુસવાની બાબતે ઝગડો શરૂ કર્યો હતો. ઝગડાની વચ્ચે યુવતિ સાથે અશ્વલીલ વર્તન અને છેડતી કરવામાં આવી હતી, યુવતિએ વિરોધ કરતા યુવતિને મારપીટ કરવામાં આવી હતી, મારપીટ દરમિયાન યુવતિને ઈજાઓ થતા તે બુમાબુમ કરી હતી જેના પગલે ગ્રામજનો દોડી આવ્યા હતા. યુવતિની ઘટનાને ગંભીરતાને જોતા તરત જ પોલીસ ફરીયાદ નોંધાઈ હતી. ફરીયાદમાં રમેશ અને દેવસી પ્રજાપતિનુ નામ બહાર આવ્યુ હતું. ફરીયાદ અનુસાર બંને આરોપી ઈસમોએ યુવતિને ધકકા મુકકી, મારપીટ ઉપરાંત અશોભનીય માંગણી કરી અને તેની આબરૂ સાથે રમવાનો પ્રયાસ કર્યો હતો.

ઘાયલ યુવતિને તરતજ રેફરલ હોસ્પીટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી, પ્રાથમિક સારવાર બાદ યુવતિની હાલત હાલ સ્થિર હોવાનુ તબીબોએ જણાવ્યુ હતું. તો બીજી તરફ સમગ્ર બનાવનો વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ થતા ઘટનાને લઈને ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. પોલીસે ફરીયાદ નોધાવી તપાસ હાથ ધરી છે અને આરોપીઓની ધરપકડ માટેના પ્રયાસો શરૂ કર્યા છે. આ બનાવે ફરી એકવાર ગ્રામ્ય વિસ્તારોમાં મહિલા સુરક્ષા અંગે ચિંતા ઉભી કરી છે. સમાજના નબળા વર્ગની યુવતિઓ પર આવા હુમલાઓ થવા ચિંતાજનક છે. મહિલાઓ જાહેર સ્થળો પર કે પછી પોતાના ખેતરમાં પણ સુરક્ષિત નથી એવો સંદેશો આ બનાવ આપે છે. વધુમાં આ મતવિસ્તાર ગુજરાત રાજયના વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીનો મતવિસ્તાર છે. ત્યારે આ બનાવને લઈ મહિલાઓની સુરક્ષાને લઈ સવાલો ઉઠી રહ્યા છે.

### અમદાવાદના નારણપુરામાં વીર સાવરકર સ્પોર્ટસ કોમ્પલેક્ષનુ શાહે કર્યુ ઉદ્ઘાટન

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નાગરીકોને પોતાની માતૃભાષાને સન્માન આપવાની સાથે સાથે હિન્દીનો વધુ ઉપયોગ કરવા હાકલ કરી



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નાગરીકોને પોતાની માતૃભાષાને સન્માન આપવાની સાથે સાથે હિન્દી ને સહયોગ આપવા હાકલ કરી હતી, ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે હિન્દી દિવસ તેમજ પાંચમા અખીલ ભારતીય રાજભાષા સંમેલનને ખુલ્લો મુકતા તેમણે સમય સાથે હિન્દી ને વધુ લચીલી બનાવવા પર અને હિન્દી તેમજ પ્રાદેશિક ભાષાઓના સહ અસ્તિત્વ પર ભાર મુકયો હતો.

વધુમાં શાહે કહ્યુ હતુ કે હિન્દીને વધુમાં લોકપ્રિય બનાવવા કેન્દ્ર સરકારે સારથી મંચ અને હિન્દી શબ્દ સિંધુ કોષ જેવી સફળ પહેલ કરી છે. તેમણે હિન્દી માત્ર બોલચાલની ભાષા ન રહેતા તે વિજ્ઞાન તકનીક ન્યાય અને પોલીસ વ્યવસ્થાની પણ ભાષા હોવી જોઈએ તેવુ ભારપૂર્વક જણાવ્યુ હતુ આ પ્રસંગે તેમણે વર્ષ ૨૦૨૯ સુધી હિન્દી શબ્દ સિંધુ વિશ્વનો સૌથી મોટો શબ્દકોષ બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. હિન્દીના સહ અસ્તિત્વ સાથે સ્થાનિક ભાષાના વિકાસમાં ગુજરાતે દુનિયા સમક્ષ સફળ ઉદાહરણ પુરૂ પાડયુ હોવાનુ પણ કહ્યુ હતું. માતૃભાષાનુ મહત્વનો પુનરોચ્ચાર કરતા શાહે વાલીઓને ઘરમાં માતૃભાષાના ઉપયોગ અંગે અનુરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે હિન્દી અને પ્રાદેશિક ભાષાઓ વચ્ચે સમરસતા વધારવાના હેતુથી યોજાઈ રહેલા આ સંમેલનમાં કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં આશરે ૭ હજાર થી વધુ અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે. વધુમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હર્ષ સંઘવીની હાજરીમાં અમદાવાદના નારણપુરા વિસ્તારમાં આવેલા અને રૂપીયા ૮૨૫ કરોડના ખર્ચે બનેલુ આંતરરાષ્ટ્રીય કક્ષાનુ વીર સાવરકર સ્પોર્ટસ કોમ્પલેક્ષનુ ઉદ્ઘાટન કર્યુ હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. આ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ૪ વિભાગમાં વહેચવામાં આવ્યુ છે. જેમાં ઓલિમ્પિક સ્તરની સ્વિંમિગ સ્પર્ધા માટે એક વાટીક સ્ટેડીયમમાં ૧૭૫૦ દર્શકોની ક્ષમતા છે. આ સિવાય ઓલિમ્પિક કક્ષાનો ઈન્ડોર હોલ, ઈન્ડોર સ્પોર્ટસમાં વિશ્વ કક્ષાની સુવિધા તેમજ કોમ્યુનિટી સ્પોર્ટસ વિભાગમાં શુટીંગ, બિલિયર્ડસ અને ફીટનેસ સેન્ટરની સુવિધા પણ છે. સેન્ટર ફોર સ્પોર્ટસ એકસેલેન્સમાં ખેલાડીઓ માટે તાલીમ અને રહેવાની સુવિધા છે. જયારે ઈન્ડોર મલ્ટીસ્પોર્ટસ એરેનામા ૫૨૦૦ દર્શકોની ક્ષમતા છે.

# મહેસાણાના સામેત્રા ગામ નજીક સલ્ફર પ્લાન્ટમાં ભીષણ આગ ફાટી નિકળતા બે શ્રમિકો જીવતા ભુંજાયા



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મહેસાણા બહુચરાજી હાઈવે પર આવેલા સામેત્રા ગામ નજીક એપીએન સલ્ફર પ્લાન્ટ માં અચાનક ભીષણ આગ ભભુકી ઉઠી હતી.

આ દુર્ઘટનામાં પ્લાન્ટ માં કામ કરી રહેલા બે શ્રમિકો જીવતા ભુંજાઈ ગયા હતા જયારે અન્ય બે દાઝી જતા તેમને તાત્કાલીક સારવાર અર્થે નજીકની હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પ્રાપ્ત મળેલ માહિતી મુજબ સામેત્રા ગામ નજીક એપીએન સલ્ફર પ્લાન્ટમાં ગઈ કાલે શનિવારે મોડી રાત્રે અગમ્ય કારણોસર આગ ફાટી નિકળતા અફરાતફરી મચી ગઈ હતી, જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા પ્લાન્ટમાં કામ કરી રહેલા શ્રમિકો પણ આગની લપેટમાં આવી ગયા હતા. આ બાબતે કોલ મળતા ફાયર વિભાગની ટીમ તાત્કાલીક સલ્ફર પ્લાન્ટમાં જવા રવાના થઈ હતી, જો કે ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે પહોચે તે અગાઉ જ કંપનીના કર્મચારીઓ અને સ્થાનિકો દ્વારા આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. આગ સંપૂર્ણ ઓલવાઈ ગયા બાદ પ્લાન્ટમાં તપાસ કરતા બે શ્રમિકોના ભડથુ થઈ ગયેલા મૃતદેહ મળી આવ્યા હતા. જેમની ઓળખ ફુલચંદ અને મનિષ તરીકે થઈ હતી. જયારે અન્ય બે શ્રમિકો પણ દાઝયા હોવાનુ માલુમ પડયુ હતું. હાલ બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે.

# રોડ રસ્તા સુધારો... પ્રજાનો સમય બચાવો ... બહુ થઈ વિકાસવારી ...હવે થશે વિસાવદરવાળી ના સુત્રોચ્ચાર સાથે રાજકોટમાં આમ આદમી પાર્ટીનો વિરોધ




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આમ આદમી પાર્ટી રાજકોટ શહેર વોર્ડ નં. ૫ માં વિધાનસભા ૬૮ ના ઈન્ચાર્જ રાહુલ ભુવા અને વોર્ડ નં. ૫ ના ઈન્ચાર્જ અશોક દુધાગરા ની આગેવાની હેઠળ ખરાબ અને બિસ્માર હાલત થઈ ગયેલા રોડ રસ્તાના વિરોધમાં પદયાત્રા કરી વિરોધ કરવામાં આવ્યો હતો.

જેમાં બેનર સાથે આમ આદમી પાર્ટીના કાર્યકરોએ સુત્રોચ્ચાર કર્યા હતા.

કાર્યકરોએ રોડ રસ્તા સુધારો...પ્રજાનો સમય બચાવો, બહુ થઈ વિકાસવારી હવે થશે વિસાવદરવાળી સુત્રોચ્ચાર કર્યા હતા. પોલીસે કાર્યકરોની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી. ભારે વિરોધ થતા પોલીસ પણ દોડી આવી હતી.

પોલીસે જાદવભાઈ ગોંડલીયા, નરસીહભાઈ ચાંગાણી, કાંતિભાઈ અજાણી, ભાવનાબેન બાંભોલીયા , કિંજલબેન ભરવાડ, અલ્પેશભાઈ ભુવા, કુલદીપભાઈ રામાણી, હિતેશભાઈ પીપળીયા, પંકજભાઈ દુધાગરા, રાજેન્દ્રભાઈ ગઢવી, લાલજીભાઈ મેઘાણી, કૈલાશભાઈ જાગાણી , પરેશભાઈ ઢોલરીયા, ઉત્સવભાઈ કોરાટ, વિમલભાઈ ખુંટ, વિજયભાઈ ગોસ્વામી, જીગરભાઈ સોલંકી, વિવેકભાઈ લીંબાસીયા સહિતના નેતાઓ અને કાર્યકરોની અટકાયત કરી બી ડીવીઝન પોલીસ મથકે લઈ જવાયા હતા અંતે તેઓને છોડી મુકવામાં આવ્યા હતા.